પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૯૧ • કુલ પાના : ૪ • તારીખ : ૦૪-૦૮-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગુજરાતમાં ફરી ચોમાસુ જામશે

## ૪ ઓગસ્ટથી કચ્છ, સૌરાષ્ટ્રમાં વરસાદની સંભાવના, ૬ ઓગસ્ટથી વરસાદનું સામાન્ય જોર વધશે

અમદાવાદ,

રાજ્યમાં વરસાદી માહોલ પુનઃ સર્જાયો છે. રાજ્યમાં ફરી વરસાદી માહોલની હવામાન વિભાગની આગાહી કરી છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટો છવાયો હળવાથી મધ્યમ વરસાદ આવી શકે છે. કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ૪ ઓગસ્ટથી કચ્છ, સૌરાષ્ટ્રમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ત્યારબાદ ૬ ઓગસ્ટથી વરસાદનું સામાન્ય જોર



વધશે. જોકે, ભારેથી અતિ ભારે વરસાદની આગાહી નથી. સમગ્ર ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન પણ રાજ્યમાં વરસાદ રહેશે. હાલના તબક્કે રાજ્યમાં ૩૬ ટકા વધુ વરસાદ નોંધાયો છે.

જોકે, હવામાન વિભાગની આગાહી વચ્ચે જ રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. બપોર બાદ કેટલીક જગ્યાઓ પર વરસાદ શરૂ થઈ ગયો હતો. અરવલ્લી જિલ્લામાં વરસાદની બીજી ઈનિંગ જોવા મળી. મોડાસામાં બપોર બાદ વરસાદ શરૂ થઈ ગયો હતો. એકાએક ધોધમાર વારસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. દિવસ દરમિયાનના અસહ્ય ઉકળાટમાંથી મુક્તિ મળતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

આ સાથે ભાવનગરમાં લાંબા સમય બાદ ફરી વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વાદળ છાયા વાતાવરણ બાદ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો હતો. કાલિયાબીડ, વિજયરાજનગર, વિદ્યાનગર, કૃષ્ણનગર સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ ખાબક્યો હતો. અતિ ઉકળાટ અને ગરમી વચ્ચે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

અમરેલી જિલ્લામાં વરસાદનું આગમન થયું. સાવરકુંડલા શહેરમાં ધોધમાર વરસાદી ઝાપટું પડ્યું હતું. વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તો બીજી તરફ રાજકોટ જિલ્લાના ઉપલેટામાં વરસાદ શરૂ થયો હતો. અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસ્યો હો. ઉપલેટા શહેર તથા તાલુકામાં વરસાદી ઝાપટા પડ્યા હતા. તાલુકાના ઈસરા, વરજાંગ જાળીયા, ગણોદ, મૂરખડા, મેખાટીંબી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા જોવા મળ્યા હતા. વરસાદી ઝાપડાથી કપાસ, એરંડા, મગફળી, સોયાબીનના પાકોને જીવતદાન મળશે. ઘણા દિવસના વિરામ બાદ ફરી ઝરમર વરસાદ શરૂ થયો હતો. વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા બફારાથી આંશિક રાહત મળી હતી.

ઘણા દિવસના વિરામ બાદ સુરત જિલ્લામાં ફરી વરસાદનું આગમન થયું છે. અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. કડોદરા, પલસાણા તાલુકામાં વરસાદી ઝાપટા જોવા મળ્યા. વરસાદ વરસતા બફારામાંથી આંશિક રાહત મળી હતી. ત્યારે વ્યારા શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં લાંબા વિરામ બાદ ફરી વરસાદી માહોલ જામ્યો હતો. વ્યારાના પાનવાડી તેમજ આજુબાજુના વિસ્તારમાં વરસાદ શરૂ થઈ ગયો હતો. કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટા તો કેટલાક વિસ્તારોમાં ધીમીધારે વરસાદ ખાબક્યો હતો.

## ૨૦૦ રૂપિયે લિટર મળતું સિંગતેલ રાજ્ય સરકાર માત્ર રૂ.૧૦૦માં જ આપશે



ગાંધીનગર,

ગુજરાત રાજ્યના જરૂરિયાતમંદ ૭૧ લાખ લોકોના તહેવાર સુધારવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. આજ રોજ યોજાયેલી કેબિનેટ બેઠકમાં સરકારે સિંગતેલ અંગે નિર્ણય કર્યો છે, જેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત સરકાર સાતમ-આઠમ અને દિવાળી જેવા તહેવારોમાં નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ કાર્ડધારકોને પ્રતિ લિટર રૂ.૧૦૦ના ભાવે સિંગતેલ આપશે.

રાજ્યના પ્રવક્તામંત્રી જિતુ વાઘાણી દ્વારા આ અંગે પત્રકાર પરિષદ કરીને જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત મુજબ સરકાર આગામી સમયમાં આવી રહેલા તહેવારોને ધ્યાને રાખીને રાજ્યના ૭૧ લાખ કાર્ડધારકો માટે નિર્ણય કર્યો છે.

રાજ્યમાં સસ્તું અનાજ મેળવનારા પરિવારોની સંખ્યા ૭૧ લાખ જેટલી છે. આ તમામ ૭૧ લાખ કાર્ડધારકોને સરકાર વાર્ષિક બે વખત તહેવાર નિમિત્તે ૧ લિટર સિંગતેલ સસ્તા દરે આપે છે, ત્યારે આગામી તહેવારો દરમિયાન મોંઘા ભાવનું એટલે કે જે સિંગતેલની બજાર કિંમત ૨૦૦ રૂપિયા આસપાસ છે, એ સિંગતેલ કાર્ડધારકોને માત્ર ૧૦૦ રૂપિયાની કિંમતે આપશે એ પ્રકારનો નિર્ણય લેવાયો છે.

સરકાર અત્યારસુધી સિંગતેલ ૧૯૭ રૂપિયે ખરીદે છે, જેમાં ૧૮૦ રૂપિયા એની ખરીદ કિંમત છે. ૧૭ રૂપિયા આસપાસ અન્ય ખર્ચા મળી કુલ ૧૯૭ રૂપિયે પ્રતિ લિટર સિંગતેલની ખરીદી સરકાર કરે છે. સરકાર જરૂરિયાતમંદોને આગામી તહેવારોને અનુલક્ષીને ૧૦૦ રૂપિયામાં જ એક લિટર સિંગતેલ આપશે એવો નિર્ણય કરાયો છે.

## મફતના સામાનની જાહેરાત : RBI, નીતિ આયોગ સહિત અન્ય સંસ્થાઓ અને વિપક્ષી પાર્ટીઓને સાથે લઈને એક કમિટી બનાવો: સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

ચૂંટણીના સમયે રાજકીય પાર્ટીઓ તરફથી આપવામાં આવતી મફતના સામાનની જાહેરાતો પર સુપ્રીમ કોર્ટે બુધવારે સુનાવણી કરી હતી.

આ દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એનવી રમણાએ કહ્યું કે, લાંબી સુનાવણી કરવાથી તેનો હલ નિકળશે નહીં. નિષ્ણાંત નાણાકીય સંસ્થાઓ તેનો વિમર્શ કરીને સરકાર અમને રિપોર્ટ સોંપે. આરબીઆઈ, નીતિ આયોગ સહિત અન્ય સંસ્થાઓ અને વિપક્ષી પાર્ટીઓને સાથે લઈને એક કમિટી બનાવો અને કોર્ટ સમક્ષ તેનો રિપોર્ટ રજૂ કરો. કોર્ટ આ મામલે આગામી સુનાવણી ગુરૂવારે કરશે.

રાજકીય પાર્ટીઓ તરફથી ચૂંટણી પહેલા મફતના સામાન આપવાની જાહેરાત પર રોકવાની માગનું કેન્દ્ર સરકાર સૈદ્ધાંતિક રીતે સમર્થન કર્યું હતું. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, આવી રીતે ઘોષણાથી અર્થવ્યવસ્થા પર બોઝ પડે છે. આ ચૂંટણી પંચ પર છોડી દેવુ જોઈએ. ચૂંટણી પંચ પોતાના સ્ટેન્ડ પર ફેરવિચારણ કરે. ઉલ્લેખનિય છે કે, ચૂંટણી પંચે કહ્યુ હતું કે, આ સંબંધમાં ચૂંટણી પંચના અધિકાર મર્યાદિત છે. ચૂંટણી પંચ આ મામલે કંઈ કરી શકે નહીં.

સોલિસિટર જનરલે કહ્યુ આ અંગે કહ્યુ હતું કે, તેનાથી અર્થવ્યવસ્થા પર બોઝ પડે છે. પણ ચૂંટણી પંચે ફરી એક વાર તેની સમીક્ષા કરવાનો મોકો આપવો જોઈએ. આ બહુ ગંભીર મુદ્દો છે. સરકાર અને ચૂંટણી પંચે વિચાર કરીને તેના પર સ્પષ્ટ મત આપવો જોઈએ. સીજેઆઈએ ફરીથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલની ટિપ્પણી માગી છે. સિબ્બલે કહ્યુ કે, આરબીઆઈ અને નીતિ આયોગ પાસેથી રાય લેવી જોઈએ. મેહતાએ વાંધો ઉઠાવતા કહ્યુ કે,મત આપવાથી તેનો હલ નિકળશે નહીં. સોમવારે એક વ્યાપક રિપોર્ટ આપને મળશે.

## મહારાષ્ટ્ર રાજકીય સંકટ : અમે ૧૦ દિવસ સુનાવણી ટાળી દીધી તો તમે સરકાર બનાવી લીધી ? : સુપ્રીમ

### સુનાવણીના અંતે કોઈ નિષ્કર્ષ ના નીકળતાં સુનાવણી ટાળી દેવામાં આવી આજે ફરી સુનાવણી કરાશે



નવીદિલ્હી,

મહારાષ્ટ્રમાં શિવસેનાના અધિકાર વિશે આજે સુપ્રીમ કોર્ટમાં ફરી એકવાર સુનાવણી થઈ હતી. આ સુનાવણી દરમિયાન બંને પક્ષ તરફથી દલીલો થઈ હતી. જોકે આ દલીલો દરમિયાન સુપ્રીમ કોર્ટે શિંદે જૂથને અમુક અઘરા સવાલ પણ કર્યા હતા. જોકે આ સુનાવણીના અંતે કોઈ નિષ્કર્ષ ના નીકળતાં સુનાવણી ટાળી દેવામાં આવી છે અને કાલે ફરી આ કેસમાં સુનાવણી કરાશે.

ઉદ્ધવ કેમ્પના વકીલ કપિલ સિબ્બલે દલીલ કરતાં કહ્યુ હતું કે જો બે તૃતીયાંશ લોકો અલગ થવા માગતા હોય તો તેમણે કોઈ પાર્ટીમાં ભળી જવાનું હોય અથવા નવી પાર્ટી બનાવવાની હોય. તેઓ એવું ના કહી શકે કે તેઓ મૂળ પાર્ટી છે. આ વિશે ચીફ જસ્ટિસે કહ્યું હતું કે તેમણે બીજેપીમાં ભળી જવાની જરૂર હતી અથવા નવી પાર્ટી બનાવવાની જરૂર હતી. પછી સિબ્બલે ફરી કહ્યુ હતું કે કાયદો પણ એ જ કહે છે.

ચીફ જસ્ટિસે પૂછ્યું કે શું દરેક પક્ષે કેસ સાથે જોડાયેલા કાયદાકીય સવાલોનું સંકલન જમા કરાવી દીધું છે? રાજયપાલના વકીલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યુ હતું કે હું હમણાં જમા કરાવી દઉં છું.

સિબ્બલે કહ્યુ હતું કે પાર્ટી માત્ર ધારાસભ્યનું જૂથ નથી હોતી. આ લોકોને પાર્ટીની બેઠકમાં બોલાવવામાં આવ્યા હતા, પરંતુ તેઓ ના આવ્યા. ડેપ્યુટી સ્પીકરની ચિઠ્ઠી લખી દીધી. પોતાનો વ્હિપ નક્કી કરી દીધો. હકીકતમાં તેમણે પાર્ટી છોડી છે. તેઓ મૂળ પાર્ટી હોવાનો દાવો ના કરી શકે. આજે પણ શિવસેના-અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે જ છે. સિબ્બલે કહ્યુ હતું કે જ્યારે બંધારણમાં ૧૦મી જોગવાઈને જોડવામાં આવી ત્યારે તેનો ઉદ્દેશ કંઈક અલગ હતો. જો આ પ્રમાણેના દુરુપયોગને મંજૂરી આપવામાં આવી તો ધારાસભ્યો બહુમતની સરકાર પાડીને ખોટી રીતે સત્તા મેળવીને પાર્ટી પર દાવો કરશે. પાર્ટીની સભ્યતા છોડનાર ધારાસભ્ય અયોગ્ય છે. ચૂંટણીપંચ જઈને પાર્ટી પર દાવો કેવી રીતે કરી શકે છે?

સીજેઆઈએ કહ્યુ હતું કે અમે ૧૦ દિવસ માટે સુનાવણી ટાળી હતી, એમાં તમે તો સરકાર બનાવી લીધી. સ્પીકર બદલી દીધા. હવે તમે કહો છો કે દરેક વાત નિરર્થક છે. સાલ્વેઃ હું એવું નથી કહેતો કે હવે આ વાત પર વિચાર જ ના થવો જોઈએ.સીજેઆઇ કહ્યુ કે ઠીક છે, અમે બધા મુદ્દાઓ સાંભળીશું. શિંદે જૂથના વકીલ હરીશ સાલ્વેએ કહ્યુ હતું કે જે નેતાને બહુમતનું સમર્થન ના હોય તે કેવી રીતે ટકી શકે છે? સિબ્બલે જે વાત કરી એ પ્રાસંગિક નથી. એ વિશે સાલ્વેએ કહ્યુ હતુ કે આવા ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવા જોઈએ? જયારે પાર્ટીમાં અંદર અંદર પ્રોબ્લેમ હોય ત્યારે બીજા જૂથની બેઠકમાં ના જવું જ અયોગ્ય કેવી રીતે કહેવાય?

સીજેઆઈએ કહ્યુ કે આ રીતે તો પાર્ટીનો કોઈ અર્થ જ નહીં રહે. ધારાસભ્યો ચૂંટાઈ ગયા પછી કોઈ કંઈપણ કરી શકે છે.જયારે સાલ્વેએ કહ્યુ કે આપણા ત્યાં ભ્રમ છે કે કોઈ નેતાને જ આખી પાર્ટી માની લેવામાં આવે છે. અમે અત્યારે પણ પાર્ટીમાં છીએ. અમે પાર્ટી નથી છોડી. અમે માત્ર નેતા સામે અવાજ ઉઠાવ્યો છે.

શિવસેના પર દાવાને લઈને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન એકનાથ શિંદે જૂથે બુધવારે કહ્યું કે, અમે લોકોએ પાર્ટી નથી છોડી. એકનાથ શિંદે જૂથના વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે, આ મામલે દલ-બદલ કાયદો લાગુ ના થઈ શકે. એ ત્યારે જ લાગુ થાય, જ્યારે ધારાસભ્યો અથવા સાંસદ કોઈ બીજી પાર્ટીમાં જાય અથવા તો પાર્ટી છોડી દે.

એકનાથ શિંદે જૂથના ધારાસભ્યો માત્ર પાર્ટીના નેતૃત્વથી નારાજ છે અને અલગ જૂથ તરીકે દાવો ઠોકી રહ્યાં છે, કારણ કે બહુમત તેમની સાથે છે. સાંસદ અને ધારાસભ્યોની બહુમતી એકનાથ શિંદે જૂથ સાથે છે. શિંદે જૂથના ધારાસભ્યો અને સાંસદ ઈચ્છે છે કે, પાર્ટીના નેતૃત્વમાં પરિવર્તન કરવામાં આવે.

તેમણે જણાવ્યું કે, આ મામલો પાર્ટીથી અલગ થવાનો નથી, પરંતુ પાર્ટીની અંદર જ તણાવ અને પરિવર્તનની માંગનો છે. જ્યારે ઉદ્ધવ ઠાકરે જૂથના વકલી કપિલ સિબ્બલે કહ્યુ કે, બળવાખોર ધારાસભ્યો પાર્ટી પર પોતાનો દાવો ના કરી શકે. હજુ પણ ત્રીજા ભાગના ધારાસભ્યો પાર્ટીની સાથે જ છે. તેમણે દલીલ કરી છે કે, બળવાખોર ધારાસભ્યોને નવી પાર્ટી બનાવવી પડશે અથવા તો અન્ય કોઈ પાર્ટીમાં સામેલ થવું પડશે. એકનાથ શિંદે સરકારની રચના પણ ખોટી રીતે થઈ છે. આથી તેમના દ્વારા લેવામાં આવેલા તમામ નિર્ણયો પણ ગેરકાયદે છે.

કપિલ સિબ્બલે દલીલ કરી છે કે, તમે એ દાવો ના કરી શકો કે, તમે રાજનીતિક પાર્ટી છો. તમે આ વાત ગુવાહાટીમાં બેસીને કરી રહ્યાં છો કે, તેઓ રાજનીતિક પાર્ટી છે. જેનો નિર્ણય ચૂંટણી પંચ તરફથી કરવામાં આવે છે. તમે ગુવાહાટીમાં બેસીને તેની જાહેરાત ના કરી શકો. અભિષેક મનુ સિંઘવીએ પણ શિંદે જૂથનો પક્ષ રજૂ કરતાં જણાવ્યું કે, શિંદે જૂથ પાસે બચવા માટેનો એક જ વિકલ્પ છે. તેઓ ભાજપ સાથે વિલય કરી નાંખે,


## નેહરૂ-વાજપેયીની મૂર્ખતાના કારણે જ ભારતીયોએ એ વાત સ્વીકારી લીધી કે, તિબેટ અને તાઈવાન ચીનનો હિસ્સો છે : સુબ્રમણ્યન સ્વામી

નવીદિલ્હી,

ચીન દ્વારા વારંવાર આપવામાં આવી રહેલી ચેતવણીઓ વચ્ચે અમેરિકી હાઉસ સ્પીકર નેન્સી પેલોસી તાઈવાન પહોંચ્યા છે. આ બધા વચ્ચે પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા ભાજપના નેતા સુબ્રમણ્યન સ્વામીએ દેશના પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ તથા અટલ બિહારી વાજપેયીની ટીકા કરી છે.

સ્વામીએ જણાવ્યું કે, તે બંનેની મૂર્ખતાના કારણએ જ ભારતીયોએ એ વાત સ્વીકારી લીધી કે, તિબેટ અને તાઈવાન ચીનનો હિસ્સો છે. વધુમાં જણાવ્યું કે, ચીન હવે પરસ્પર સહમતિથી નિર્ધારિત કરાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખાનું પણ સન્માન નથી કરતું તથા લદ્દાખના કેટલાક વિસ્તારો પર પણ તેણે કબજો જમાવ્યો છે.

સુબ્રમણયમ સ્વામીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડેહાથ લેતા કહ્યું હતું કે, એક તરફ ચીને લદ્દાખના કેટલાક વિસ્તારો હડપી લીધા છે અને



મોદી એમ કહે છે કે, કોઈ આવ્યું જ નથી. તેમનું આ નિવેદન ચોંકાવનારૂં છે. સ્વામીએ લખ્યું છે કે, 'આપણે ભારતીયોએ નેહરૂ અને એબીવી (અટલ બિહારી વાજપેયી)ની મૂર્ખતાના કારણે તિબેટ અને તાઈવાનને ચીનના હિસ્સા તરીકે સ્વીકાર્યા. પરંતુ ચીન હવે પરસ્પર સહમતિની એલએસીનું પણ સન્માન નથી કરતું. અને તેણે લદ્દાખના કેટલાક ક્ષેત્રો પર પણ કબજો જમાવ્યો છે. જ્યારે મોદી 'કોઈ આયા નહીં' કહીને સ્તબ્ધ કરી દે છે. ચીનને ખબર હોવી જોઈએ કે આપણાં પાસે નિર્ણય લેવા માટે ચૂંટણી છે.'

## મોદી બાદ હવે રાહુલ ગાંધીએ પણ સો. મીડિયા પર ડીપી બદલી જવાહરલાલ નેહરુની ડીપી મૂકી છે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં કહ્યું હતું કે 'આઝાદી કા અમૃત મહોત્સવ' એક જન આંદોલનમાં ફેરવાઈ રહ્યો છે અને લોકોને ૨ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ વચ્ચે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રોફાઈલ પિક્ચર તરીકે 'તિરંગા'નો ફોટો લાગવાનું અનુરોધ કર્યો હતો. મંગળવારે પીએમ મોદી સહિત તમામ કેન્દ્રીય મંત્રીઓએ તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલ પિક્ચર બદલીને તિરંગો લહેરાવ્યો હતો અને હવે રાહુલ ગાંધીએ પણ પોતાની ડીપી બદલી છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ પોતાનો પ્રોફાઈલ ફોટો બદલ્યો છે. રાહુલ ગાંધીએ ભારતના પ્રથમ વડાપ્રધાન અને તેમના પરદાદા પંડિત જવાહરલાલ નેહરુની ડીપી મૂકી છે. રાહુલ ગાંધીએ પોતાની DPમાં પંડિત જવાહરલાલ નેહરુનો જે ફોટો મૂક્યો છે, તેમાં તેઓ હાથમાં તિરંગો પકડીને જોવા મળી રહ્યા છે. આ સાથે રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું, દેશનું ગૌરવ, આપણો તિરંગો દરેક ભારતીયના દિલમાં છે, આપણો તિરંગો. આ વખતે ભારત પોતાની આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે અને આ અંતર્ગત દેશભરમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ દેશવાસીઓને ૧૨ થી ૧૫ ઓગસ્ટની વચ્ચે તેમના ઘરે તિરંગો ફરકાવવાનું પણ કહ્યું છે.

## મોંઘવારી અને બેરોજગારી સામે કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરશે

નવીદિલ્હી,

કોંગ્રેસે મોંઘવારી અને બેરોજગારી સામે ૫ ઓગસ્ટે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય કર્યો છે. આ અંતર્ગત કોંગ્રેસ વર્કિંગ કમિટી ના સભ્યો અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓના વડા પ્રધાનના નિવાસસ્થાને પણ ઘેરવાની યોજના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસના લોકસભા અને રાજ્યસભાના સભ્યો સંસદ ભવનથી રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરશે. આ દિવસે કોંગ્રેસ રાજ્યોમાં વિરોધ પ્રદર્શન પણ કરશે. પાર્ટી વડા પ્રધાનના નિવાસસ્થાને ઘેરાવનો કાર્યક્રમ પણ આયોજિત કરશે, જેમાં CWCના સભ્યો અને વરિષ્ઠ નેતાઓ હાજરી આપશે. CWC એ કોંગ્રેસની સર્વોચ્ચ નીતિ-નિર્માણ સંસ્થા છે. કોંગ્રેસે તેના રાજ્ય એકમોને રાજ્ય કોંગ્રેસ સમિતિ વતી ૫ ઓગસ્ટે 'રાજભવન ઘેરાવો'નું આયોજન કરવા કહ્યું છે, જેમાં ધારાસભ્યો, સ્ન્ઝ, ભૂતપૂર્વ સાંસદો અને વરિષ્ઠ રાજ્ય એકમ. નેતાઓનો સમાવેશ કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું કે પાર્ટીએ એ પણ નક્કી કર્યું છે કે પંચાયતથી લઈને જિલ્લા સ્તર સુધી કોંગ્રેસના પ્રતિનિધિઓ જિલ્લા મુખ્યાલય પર ધરણા કરશે અને તેમની ધરપકડ કરશે. કોંગ્રેસ દેશમાં વધી રહેલી મોંઘવારીનો સતત વિરોધ કરી રહી છે. ચોમાસુ સત્રના પ્રથમ દિવસથી જ કોંગ્રેસ સહિત વિપક્ષો મોંઘવારી પર ચર્ચાની માંગને લઈને ગૃહમાં પ્રદર્શન કરી રહ્યા છે. આ હંગામાને કારણે ગૃહનું કામકાજ થતું નથી. જો કે, સરકાર હજુ સુધી આ મુદ્દે ચર્ચા કરવા સંમત નથી.

## ફેક્ટરીમાં ઝેરી ગેસ લીક થતાં ૯૫ લોકો હોસ્પિટલમાં દાખલ, ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ

હૈદરાબાદ,

આંધ્ર પ્રદેશના અચ્યુતપુરમમાં એક બીજ કંપનીમાં ગેસ લીક થવાથી અત્યાર સુધીમાં કુલ ૯૫ લોકોને વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૧ લોકો બીમાર થયા છે. તે જોતાં મંત્રી શ્રી. ગુડીવાડા અમરનાથ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. સેમ્પલને પણ ICMRને ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે. જેથી જાણી શકાય કે તે જાણી જોઈને કરવામાં આવ્યું હતું કે નહીં. ઘટનાનું કારણ જાણવામાં આવી રહ્યું છે.

ગેસ લીક થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. અનાકપલ્લે જિલ્લા તબીબી અને આરોગ્ય અધિકારી હેમંતે જણાવ્યું કે, અહીં દાખલ થયેલા તમામ ૫૩ દર્દીઓની હાલત સ્થિર છે. મોટા ભાગના લોકો શ્વાસ લેવામાં તકલીફ અને ઉલ્ટીની ફરિયાદ કરે છે. જણાવી દઈએ કે ગઈકાલે ૯૪ કામદારોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૫૩ સરકારી હોસ્પિટલમાં દાખલ છે. બાકીના ૪૧ને જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગેસ લીક થતાં જ લગભગ ૫૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગની મહિલાઓ હતી.

જૂન મહિનામાં જ વિશાખાપટ્ટનમમાં આવી જ એક ઘટના બની હતી. જેમાં ૧૪૦ કામદારોને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. પોરસ લેબોરેટરીમાં આ ગેસ લીક થવાથી ઘણા કર્મચારીઓ સ્થળ પર જ બેહોશ થઈ ગયા હતા. બે મહિના પહેલા અચ્યુતાપુરમ સેઝમાં ગેસ લીક થયો હતો. ત્યાર બાદ ગેસ લીક થતાં ૨૦૦ જેટલી મહિલા કામદારો બીમાર પડી હતી.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી લીમખેડા સે.સ. પાલ્લી
તરફથી અભીનંદન....
મુ. પાલ્લી, ગોધરા-દાહોદ હાઈવે રોડ, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
શાકરીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી
તરફથી અભીનંદન....
મુ. નાના આંબલીયા-ડુંગરભીત ફળીયું, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત ક્રિષ્નાકુમારી નવલસિંહ
તરફથી અભીનંદન....
મુ. માન્લી, નિશાળ ફળીયું, તા. લીમખેડા, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર દિનની ઉજવણી અન્વયે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

મહીસાગર જિલ્લા કક્ષાની તા. ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર દિનની ઉજવણી વિરપુર ખાતે થનાર છે. જે અન્વયે જિલ્લા કલેકટર ડો.મનીષકુમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. મહીસાગર વાસીઓ આગામી ૧૫ ઓગસ્ટના રોજ ખુબજ ઉત્સાહ પૂર્વક આઝાદીનો જશ્ન મનાવશે ત્યારે જિલ્લા કક્ષાએ તમામ વ્યવસ્થા જાળવવા કલેકટરએ આ બેઠકમાં સંબંધિત અધિકારીઓને કાર્યક્રમ અન્વયે જરૂરી જવાબદારી સોંપી હતી.

જિલ્લા તથા તાલુકા કક્ષાએ આઝાદી પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવશે. આ બેઠકમાં કાર્યક્રમની તમામ રૂપરેખા અંગે ચર્ચા કરાઈ હતી ઉપરાંત તમામ અધિકારીઓને યોગ્ય કામગીરી હાથ ધરવા સૂચન આપવામાં આવ્યા હતા. સાથોસાથ જિલ્લા અને રાજ્ય કક્ષાએ વિજેતા ખેલાડીઓ, વિદ્યાર્થીઓ, સમાજમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા જિલ્લાના નાગરિકો, સરકારી વિભાગોમાં વિશિષ્ટ તેમજ નવતર કામગીરી કરનારા અધિકારીઓ–કર્મયોગીઓનું સ્વતંત્રતા પર્વ નિમિત્તે વહીવટીતંત્ર દ્વારા સન્માન થાય તે બાબત સુનિશ્ચિત કરવા કલેકટરએ સૂચના આપી હતી.

આ બેઠકમાં એપેડેમિક મેડિકલ ઓફીસર નરેન્દ્ર ગોસાઈએ કોરાના કેસો સાથે સિઝનલ ફલુ, મન્કી પોક્ષ અને મછરજન્ય રોગો અટકાવવાં માટે લેવાના પગલાઓ વીશે અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, જિલ્લા પોલીસ વડા આર.પી.બારોટ, અધિક નિવાસી કલેકટર એ.આઇ.સુથાર, ડીવાયએસપી વળવી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સંતરામપુર નશીકપુર ગામે થી બીમાર ઢેલને બચાવી વન વિભાગના અધિકારીઓને પહોંચાડતા જાગૃત યુવાન



સંતરામપુર,

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નસીકપુર ગામના જાગૃત યુવાન દિલીપભાઈ બારીઆ સતત વન્ય પ્રાણીઓ માટે સેવાભાવી ઉત્સાહી યુવાન આજે ખેતરના કામ અર્થે જવાનું થયું એમને એક ઢેલ રસ્તામાં દેખાતા બીમાર જેવા લક્ષણો જોવા મળતા આંખોની બાજુમાં મોટો ફોલ્લીઓ જેવી હાલતમાં જોવા મળતા પગ થી હલનચલન ન થવાના કારણે બિમાર હાલતમાં જોવા મળે કુતરાથી તેમજ અન્ય પશુઓથી અકસ્માતના મુખમાંથી બચાવી સેવાનું ઉતમ કામગીરી કરતા દિલીપભાઈ બારીઆએ હરીશભાઈ બારીઆ મને ટેલીફોનીક સંપર્ક કરતા તેમણે ઘટના સ્થળે પહોંચી ઢેલની મદદે આવ્યા હતા અને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા. ત્યારે વન વિભાગના અધિકારીઓને પણ દિલીપભાઈ બારીઆએ મદદરૂપ થવા બદલ અભિનંદન શુભેચ્છાઓ પાઠવી હતી.

# પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટે બાળકને દત્તક લેવામાં આવ્યું


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

દત્તક બાળક સંખ્યા–૧૦(દત્તક દિકરા નુ નામ આઝાદ) દિકરી વહાલનો દરિયો બને છે. ત્યારે દિકરો કાળજાનો કટકો કહેવાય છે. પરમવીરનો છઠ્ઠુ દતક બાળક જેનું નામ આઝાદ (ઉમેશ આઝાદ) રાખેલ છે. આજરોજ પરમવીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વાઘજી બારિયાના મુવાડા (મલેકપુર) ખાતે પ્રાથમિક શાળામાં બાળકોની મુલાકાત કરતા (રાવળ મુકેશકુમાર લાલાભાઈ) એક બાળકના માતાપિતા હયાત ન હોઈ તે બાળકને દતક લેવામાં આવ્યું. જે બાળક માટે પરમવીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેની સારસંભાળ રાખવામાં આવશે તથા તેની જીવન જરૂરિયાતની વસ્તુઓ પોહચાડવા હમેશા તત્પર રહેશે, આવો સૌ સાથે મળી દેશનાં ભાવિ ભવિષ્યને સુરક્ષિત કરીએ.


કાલોલ તાલુકાના પરૂણા ગામના પરમાર પ્રદિપસિંહ ચંદ્રસિંહ એ માતૃ ભૂમિની રક્ષા કરી આર્મીમાં ૧૭ વર્ષ સેવા આપીને સેવા નિવૃત થયા હતા. ત્યારે પોતાની ફરજ પુરી કરી માદરે વતન આવતા તેમનું કાલોલ બસ સ્ટેન્ડ ઉપર પરિવાર તેમજ પરૂણા ગામના લોકો સ્વાગત કર્યું હતું અને ડીજે અને બાઇકો સાથે રેલી સ્વરૂપે પરૂણા ગામે જવા રવાના થયા હતા. ત્યારે આ આર્મી જવાન વેજલપુર ખાતે આવી પહોંચતા પંચમહાલ જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ વેજલપુર ગ્રામ પંચાયતના સભ્યો તેમજ વેજલપુર ગામના હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકોએ ફૂલહાર પહેરાવી તેમનું ઉલ્લાસભેર સ્વાગત કરીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી અને દેશ પ્રેમી ગીતો સાથે વેજલપુર ગામથી પરૂણા જવા રવાના થયા હતા.
તસ્વીર : નુર બાલા, વેજલપુર

# શહેરા પોલીસે કુઝર અને ટ્રેકટરમાં હેરાફેરી થતો ૨.૭૮ લાખના ઈંગ્લીશ દારૂ સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા

શહેરા,

શહેરા પોલીસને કુઝર ગાડી અને ટ્રેકટરમાં હેરાફેરી થતાં ઈંગ્લીશ દારૂ તથા મુદ્દામાલ મળી રૂ.૧૦,૨૮,૪૦૦/–રૂપીયા સાથે ૩ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકા પોલીસે બાતમીના આધારે કુઝર ગાડી નં. જીજે.૧૭.બીએ.૩૭૫૬ માંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી લાવીને ટ્રેકટર નંબર જીજે.૧૭.બીએ.૬૯૮૦માં દારૂનો જથ્થો ઠાલવીને સગેવગે કરવાની પેરવીમાં હતા. દરમિયાન પોલીસે રેઈડ કરી પોલીસે વિદેશી દારૂ પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ–૫૮ કિંમત રૂા. ૨,૭૮,૪૦૦/–કુઝર ગાડી ટ્રેકટર મળી રૂા. ૧૦,૨૮,૪૦૦/–ના મુદ્દામાલ સાથે આરોપીઓ ભલાભાઈ ઉર્ફે ભનો અભેસિંહ ભોઈ (રહે.ઉજડા, તા. શહેરા), ઈશ્વર મનુભાઈ પરમાર (રહે. બળેવીયા, તા. ગળતેશ્વર), અરવિંદભાઈ રમણભાઈ પરમાર (રહે. છાલીપેટ તા.સાવલી)ને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી.

# મકાઈના પાકમાં જીવાતનો ઉપદ્રવ ઘટે તે માટે જીવાત નિયંત્રણ માટે માર્ગદર્શિકા જાહેર

લુણાવાડા,

ચાલુ સીઝનમાં ખેતી પાકોમાં રોગ–જીવાતનો ઉપદ્રવ સામાન્ય રીતે જોવા મળતો હોય છે. મકાઈના પાકમાં જીવાતનો ઉપદ્રવ ઘટે તે માટે ખેતી નિયામક દ્વારા જીવાત નિયંત્રણ માટેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

મકાઈના પાકમાં પૂંછડે ચાર ટપકાંવાળી લશ્કરી ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો છે. આ પૂંછડે ચાર ટપકાંવાળી લશ્કરી ઈયળ (Fall Army Worm (FAW) Spodoptera frugiperda) મકાઈના પાકને ઘણું નુકશાન પહોંચાડે છે. આ ઈયળ અમેરીકાથી વાયા આફ્રિકા ફરી ભારતમાં ૨૦૧૮માં આવી હતી. વર્તમાન સમયમાં આ જીવાતનો પ્રકોપ મકાઈ ઉગાડતા રાજ્યોમાં ચાલુ છે. ભવિષ્યમાં મકાઈ સિવાયના અન્ય પાકોમાં પણ પગપેસારો કરી નુકસાન પહોંચાડે તેવી પુરી શક્યતા છે.

આ ઈયળો છોડની ભૂંગળીમાં વિકસતા નાના પાન કોરી ખાતી હોવાથી પાન પર સમાંતર કાણાં જોવા મળે છે. વધુ ઉપદ્રવ હોય તો પાન પર ઘણા અનિયમિત આકારના સમાંતર કાણાં અને ઈયળની હગાર જોવા મળે છે. ભૂંગળીમાં નુકશાન પામેલ પાન જ્યારે ખૂલે અને મોટા થાય ત્યારે તેના પર ખેંચાયેલ લાંબા કાણાં જોવા મળે છે. છોડની શરૂઆતની અવસ્થામાં ઉપદ્રવનું પ્રમાણ વધારે હોય તો ટોચના ભાગમાં નુકશાન થવાથી ક્યારેક છોડ બૂઠા થઈ જાય છે તો ક્યારેક નાશ પણ પામે છે.

ઉભા પાકમાં સંકલિત જીવાતના વ્યવસ્થાપનની યાદીમાં આપેલ માહિતી મુજબ પિયત અને રાસાયણિક ખાતરનો વપરાશ ભલામણ મુજબ જ કરવો, પ્રકાશ પિંજર પ્રતિ હેક્ટરે એકની સંખ્યામાં ગોઠવી આ જીવાતનાં પુખ્તને આકર્ષી નાશ કરવો, આ જીવાતનાં નર ફૂદાંને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ૪૦ પ્રતિ હેક્ટર પ્રમાણે ગોઠવવા, ઈંડાના સમૂહ અને જુદાં–જુદાં તબક્કાની ઈયળોને હાથથી વીણી એકત્ર કરી નાશ કરવો, ફેરોમોન ટ્રેપમાં પ્રતિ ટ્રેપ ત્રણ નરફૂદા આકર્ષાય ત્યારે ફોલ આર્મીવોર્મના ઈંડાના પરજીવી ટ્રાઈકોગ્રામા પ્રેટીયોસમ અથવા ટીલેમોનસ રેમસ પ્રતિ હેકટરે ૧,૨૫,૦૦૦ ની ખ્યામાં દર અઠવાડિયે છોડવા, ઉપદ્રવની શરૂઆતમાં બેસીલસ થુરીન્ઝીએન્સીસ નામના જીવાણુનો પાવડર ૨૦ ગ્રામ/ મેટારાઈઝીયમ એનીસોપ્લી અથવા બ્યુવેરીયા બેસીયાના/ન્યુમેરીયા રીલી/ વર્ટીસિલિયમ લેકાની નામની ફુગનો પાવડર ૫૦ ગ્રામ/લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક)/લીમડાનું તેલ ૩૦ મિલિ (પાણીમાં ભેળવવા ૧૦ ગ્રામ કપડા ધોવાનો પાવડર ઉમેરવો)/ લીમડા આધારિત તૈયાર કીટનાશક ૧૦ મિલિ (૫% ઈસી) થી ૫૦ મિલિ (૦.૦૩ ઈસી) ૧૦ લિટર પાણીમાં ઉમેરી છોડની ભૂંગળી બરાબર ભીંજાય તે રીતે છંટકાવ કરવો.

યાદીમાં વધુમાં જણાવ્યાનુંસાર મકાઈની ભૂંગળીમાં માટી કે રેતી નાખવાથી પણ આ જીવાતને ખાવામાં અને રહેવામાં અડચણ પેદા થતી હોય છે. વધુ ઉપદ્રવ હોય તો ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫% એસસી ૪ મિલિ અથવા સ્પીનેટોરામ ૧૧.૭ એસસી ૫ મિલિ અથવા થાયોમેથોકઝામ ૧૨.૬% + લેમડાસાયહેલોથ્રીન ૯.૫ % ઝેડસી ૩ મિલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છોડ અને ભૂંગળીનો ભાગ બરાબર ભીંજાય તે રીતે છંટકાવ કરવો. સામાન્ય સંજોગોમાં પ્રથમ છંટકાવ મકાઈનાં વાવેતર બાદ ૨૫ થી ૩૦ દિવસે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૫ દિવસ બાદ કરવો જોઈએ. જો બંને વખતે પ્રવાહી મિશ્રણનો છંટકાવ કરવાનો હોય તો કીટનાશક બદલવી. મકાઈ ૨૫–૩૦ દિવસની થાય ત્યારે વિષ પ્રલોભિકા (૧૦ કિ.ગ્રા. ડાંગરનું ભુસુ + ૨ કિ.ગ્રા. ગોળ + ૨ લિટર પાણી મિશ્રણ કરી એક રાત્રી રહેવા દેવું. બીજા દિવસે તેમાં ૧૦૦ ગ્રામ થાયોડિકાર્બ ૭૫ વેપા બરાબર ભેળવવું) ભૂંગળીમાં આપવી અને ત્યારબાદ ૧૫ દિવસે ઉપર દર્શાવેલ કોઈ એક કીટનાશકનો છાંટકાવ કરવો અથવા પાક ૨૫–૩૦ દિવસનો થાય ત્યારે વિષ પ્રલોભિકા અને ત્યાર બાદ ૧૫ દિવસે ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૦.૪% જીઆર કે ફીપ્રોનિલ ૦.૬% જીઆર ૨૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર પ્રમાણે ભૂંગળીમાં આપવા. પાક કાપી લીધા બાદ જડીયા અને કચરો સેન્દ્રિય ખાતર બનાવવાના ઉપયોગમાં લેવો.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર થી ૫ કિમી દૂર આવેલ ભાગલિયા પ્રાથમિક શાળામાં આઝાદી ના ૭૫ વર્ષ અમૃત મહોત્સવ અંતર્ગત નાના ભાગલીયા મા ભારતમાતાનુ પૂજન અને આરતી કરવામાં આવ્યુ.

# શહેરાના દલવાડા ગામે લગ્નના ત્રણ માસના ગાળામાં પરિણિતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

શહેરા,

દલવાડાના ધોળી ફળિયામાં રહેતા સંજયભાઈ વિક્રમભાઈ પટેલિયા જેઓનુ લગ્ન ૨૦૨૨ના મે મહિનામાં ગોરાડા ગામે થયુ હતુ. જેમાં લગ્ન કર્યા બાદના પહેલા તેડવા ગયા ત્યારે ગામડી પંચાણુ કરી શિલ્પાને સાસરીયે મોકલવામાં આવી હતી. જેમાં સંજય અને શિલ્પાના એકબીજાના કારણે લડાઈ ઝઘડો થતો હતો. જેને લઈ શિલ્પા દ્વારા ઘરની પાસે આવેલા ઢાણીયામાં નાયલોનની દોરી વડે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હતુ. જે સંજય દ્વારા જોતા દલવાડા ગામના સરપંચ વિક્રમભાઈને ટેલિફોનીક જાણ કરી હતી. ત્યારે સરપંચે શહેરા પોલીસ સ્ટેશને જાણ કરી હતી. ત્યો શહેરા પોલીસ ઘટના સ્થળે દોડી આવી એડી દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી. જયાં મૃતદેહને પી.એમ.અર્થે શહેરા ખસેડવામાં આવ્યો હતો. હાલ આ ઘટનામાં પક્ષ દ્વારા મર્ડરનો આક્ષેપ કરેલ હોવાનુ જાણવા મળ્યુ હતુ. હાલ તો શહેરા પોલીસે એડી દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે અને પોલીસે આ મામલે વધુ આગળ તપાસ હાથ ધરી હતી.

# મોરવા(હ)ના અગરવાડા ગામે રોડ સાઈડમાં બાંકડા પર બેઠેલ પરિવારને કાર ચાલકે અડફેટમાં લેતા મહિલાનું મોત

મોરવા(હ),

મોરવા(હ)ના અગરવાડા ગામે રોડની સાઈડમાં બાંકડા ઉપર બેઠેલા એક જ પરિવારના ત્રણ સભ્યોને બેકાબુ બનેલી કારના ચાલકે અડફેટે લેતા એક મહિલાનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જ્યારે માતા–પુત્રીને સારવાર માટે ગોધરા રિફર કરવામાં આવ્યા હતા. માર્ગ પર કોઈ અડચણ નહિ હોવા છતાં કાર ચાલકે કયા સંજોગોમાં સ્ટિયરીંગનો કાબુ ગુમાવ્યો જે જાણી શકાયુ નથી. પરંતુ પૌત્રીને દવાખાને લઈ જઈ રહેલા દાદીનુ મોત નીપજતા પરિવારમાં શોક છવાયો હતો.

મોરવા(હ)તાલુકાના અગરવાડા ગામમાં રહેતા રમીલાબેન દાનાભાઈ બામણિયાના પુત્રની દિકરી તેમજ બિમાર હોવાથી તેઓ પોતાની પુત્રવધુ હસીલાબેનને સાથે લઈ જઈ મોરવા દવખાને જવા નીકળ્યા હતા દરમિયાન તેઓએ રોડ ઉપર જઈ પેસેન્જર વાહન આવે તેની રાહ જોઈ રોડની સાઈડમાં મુકવામાં આવેલ બાંકડા ઉપર બેઠા હતા તે વેળાએ સંતરામપુર તરફથી પુરઝડપે આવી રહેલી કારના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર સીધી જ રડની સાઈડમાં બાંકડાને અઠડાવી હતી. જેથી બાંકડા ઉપર બેઠેલા દાદી, પુત્રવધુ અને પૌત્રી ત્રણેયને કારની જોરદાર ટકકર વાગતા તેઓ ફંગોળાયા હતા. દરમિયાન ત્રણેયને ઈજાઓ પહોંચી હતી. જેમાં ૫૦ વર્ષિય રમીલાબેનને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ તેઓનુ મોત નીપજયું હતુ. જયારે હસીલાબેન અને તેઓની ૭ વર્ષિય પુત્રી તેજલને ઈજાઓ થતાં સ્થાનિક દવાખાને સારવાર આપી વધુ સારવાર માટે ગોધરા રિફર કરવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં મોરવા પી.એસ.આઈ.એન.આર.રાઠોડ અને સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી કાર ચાલક સામે ગુનો નોંધી આગળ વધુ તપાસ હાથ ધરી હતી.

# હાલોલ મંદિરે દર્શને જતા માતા-પુત્રના એક્ટિવાને એસ.ટી. સાથે અકસ્માત નડતા ૬ વર્ષના બાળકનું મોત

હાલોલ,

હાલોલના એક્ટિવા પર મહાદેવ મંદિરે દર્શન કરવા જઈ રહેલા માતા–પુત્રને નડેલ અકસ્માતમાં એસ.ટી.બસના પાછળના વ્હિલમાં આવી ગયેલા ૬ વષના બાળકનુ મોત નીપજયું હતુ. અકસ્માત બાદ બસ સાથે ભાગી છુટેલા એસ.ટી.ચાલકને પાવાગઢ રોડ ઉપરથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

હાલોલમાં મોટા મહાદેવ મંદિરની પુજા કરતા અને ટ્રેનિંગ સ્કુલ ચાલવતા પુજારી કલ્પેશગિરિ ગોસાઈની પત્નિ સુનીતાબેન તથા તેમનો ૬ વર્ષનો દિકરો હર્ષગિરિ એક્ટિવા પર મહાદેવ મંદિર ખાતે જઈ રહ્યા હતા દરમિયાન પાવાગઢ રોડ પર પાછળથી આવતી બસના ચાલકે એક્ટિવાની સાઈડ કાપી આગળ જતા ટકકર મારતા બંને ઘસડાઈ પડ્યા હતા. જેમાં ૬ વર્ષના માસુમ હર્ષલગિરિ બસના પાછલા વ્હિલમાં આવી જતા ગંભીર રીતે ઘવાયો હતો. માતાએ હિંમત રાખી બાળકને સારવાર કરવા માટે હાલોલની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનુ મોત નીપજયું હતુ. અકસ્માત સર્જી બસ સાથે ભાગી છુટેલ એસ.ટી.ચાલકને લોકોએ પાવાગઢ રોડ પર ઝડપી પાડ્યો હતો. બનાવ અંગે પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને પ્રાથમિક તપાસ બાદ એસ.ટી.ના ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી માસુમ બાળકના મૃતદેહનુ હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ.કરાવી પરિવારને સોંપ્યો હતો.

# આપની આજ.......

મેષ : આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે.

વૃષભ : આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.

મિથુન : આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

કર્ક : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

સિંહ : ભાઈઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કન્યા : આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

તુલા : આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે.

વૃશ્ચિક : આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

ધનુ : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઈચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

કુંભ : આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

મીન (દ,ચ,ઝ,થ) : ઉત્તમ દિવસ , કોઈ ભૂતકાલીન રોકાણનો લાભ મેળવી શકશો, સામાજિક સરળતા, મહિલા વર્ગને આનંદપ્રદ દિવસ.

# વિશ્વભરમાં હલચલ : ચીનની ધમકી છતાં યુએ સ્પીકર નેન્સી પેલોસી તાઈવાન પહોંચ્યા યુએ સ્પીકર નેન્સી પેલોસી



તાઈવાન,

ચીનની ધમકીઓ વચ્ચે અમેરિકાના ગૃહના સ્પીકર નેન્સી પેલોસી તાઈવાન પહોંચી ગયા છે. તેમનું પ્લેન તાઈપેના એરપોર્ટ પર ઉતરતા ચીન ગુસ્સે થઈ ગયું. ચીનના વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું છે કે અમેરિકા ખતરનાક રમત રમી રહ્યું છે અને જે ગંભીર પરિણામ હશે તેની જવાબદારી અમેરિકાએ લેવી પડશે.

ચીન સતત નેન્સી પેલોસીના તાઈવાન પ્રવાસનો વિરોધ કરી રહ્યું હતું. ચીનનું કહેવું છે કે અમેરિકા અત્યાર સુધી વન ચાઈનાના સિદ્ધાંતનું પાલન કરતું રહ્યું છે, તેવામાં હવે તાઈવાનના અલગાવવાદનું સમર્થન કરવું અમેરિકાના વચનને તોડવા જેવું છે. ચીનનું કહેવું છે કે તેના અને અમેરિકાના સંબંધોનો પાયો વન-ચાઈના સિદ્ધાંત પર છે. તેવામાં ચીન તાઈવાન સ્વાતંત્ર તરફથી ઉઠાવવામાં આવી રહેલા અલગાવવાદી પગલાનો વિરોધ કરે છે. ચીન માને છે કે અમેરિકા કે કોઈ અન્ય દેશે આ મામલામાં દખલ ન દેવી જોઈએ.

તાઈવાન અને ચીન વચ્ચે જંગ ખુબ જૂનો છે. ૧૯૪૯મા કમ્યુનિસ્ટ પાર્ટીએ સિવિલ વોર જીતી હતી. ત્યારથી બંને ભાગ પોતાને એક દેશ માને છે પરંતુ તેના પર વિવાદ છે કે રાષ્ટ્રીય નેતૃત્વ કઈ સરકાર ચલાવશે.

ચીન તાઈવાનને પોતાનો પ્રાંત માને છે, જ્યારે તાઈવાન ખુદને આઝાદ દેશ માને છે. બંને વચ્ચે વિવાદ બીજા વિશ્વ યુદ્ધ બાદ શરૂ થયો. તે સમયે ચીનના મેનલેન્ડમાં ચીની કમ્યુનિસ્ટ પાર્ટી અને કુઆમિતાંગ વચ્ચે જંગ ચાલી રહ્યો હતો. આ સાથે જ ચીનના ઉપવિદેશમંત્રીએ અમેરિકી રાજદૂતને નેન્સી પેલોસીના તાઈવાન પ્રવાસનો આકરો વિરોધ જતાવવા માટે મધરાતે સમન પણ પાઠવ્યું. અમેરિકામાં નંબર ત્રણ સ્થાન ધરાવનારા નેન્સી પેલોસી ભારતીય સમય મુજબ રાતે ૮.૧૪ વાગે તાઈવાન પહોંચ્યા. નેન્સી પેલોસીએ તાઈવાનના રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરી. નેન્સી પેલોસીએ કહ્યું કે અમેરિકાએ હંમેશા તાઈવાન સાથે રહેવાનું વચન આપ્યું છે. આ મજબૂત પાયા પર અમારી આર્થિક સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ ક્ષેત્ર અને દુનિયામાં આપસી સુરક્ષા પર કેન્દ્રીત સ્વ-સરકાર અને આત્મનિર્ણય પર આધારિત એક સંપન્ન ભાગીદારી છે.

તાઈવાનના રાષ્ટ્રપતિ સાઈ ઈંગ વેને કહ્યું કે અમેરિકી પ્રતિનિધિ સભાના અધ્યક્ષ નેન્સી પેલોસીનું હાર્દિક સ્વાગત કરું છું. ઉપરાષ્ટ્રપતિ અને મને સ્પીકર દ્વારા અમેરિકા-તાઈવાનના સંબંધોને લઈને કોલ આવતા રહે છે. અમારી આ મુલાકાત બદલ ખુશ છું. તેમણે કહ્યું કે અમેરિકી સ્પીકર પેલોસી ખરેખર તાઈવાનના સૌથી સમર્પિત મિત્રોમાંથી એક છે. તાઈવાન માટે અમેરિકી કોંગ્રેસના કટ્ટર સમર્થનને પ્રદર્શિત કરવા માટે તાઈવાનના આ પ્રવાસ બદલ અમે તમારા આભારી છીએ.

રાષ્ટ્રપતિ સાઈ ઈંગ વેને કહ્યું કે તાઈવાન શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે અને અમે એક સ્વતંત્ર અને ખુલ્લા ઈન્ડો-પેસેફિક સુનિશ્ચિત કરવા માટે ક્ષેત્રીય સુરક્ષા માટે એક પ્રમુખ સ્થિર શક્તિ બનાવીશું. અમે અમારા દેશનું સાર્વભૌમત્વ મજબૂતીથી જાળવી રાખીશું. આ સાથે જ અમે લોકશાહી મૂલ્યોની રક્ષા માટે દુનિયાભરના તમામ લોકતંત્રોની સાથે સહયોગ અને એક્તા સાથે કામ કરવા માંગીએ છીએ.

બીજી બાજુ પેલોસીએ કહ્યું કે તાઈવાનમાં લોકતંત્ર ફળી ફૂલી રહ્યું છે. તાઈવાને દુનિયા આગળ સાબિત કર્યુ છે કે પડકારો છતાં જો આશા, સાહસ અને દ્રઢ સંકલ્પ હશે તો તમે સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરી શકો છો. તાઈવાન સાથે અમેરિકાની એકજૂથતા મહત્વપૂર્ણ છે. આજે અમે એ સંદેશ લઈને આવ્યા છીએ. તેમણે કહ્યું કે દુનિયા લોકતંત્ર અને નિરંકુશતા વચ્ચે એક વિકલ્પનો સામનો કરી રહી છે. અહીં તાઈવાન અને દુનિયામાં લોકતંત્રને જાળવી રાખવા માટે અમેરિકા દ્રઢ સંકલ્પિત છે.

તેમણે એમ પણ કહ્યું કે તાઈવાન સમગ્ર દુનિયા માટે મિસાલ છે. તાઈવાને કોરોનાકાળમાં સારું કામ કર્યું. તેમણે તાઈવાનના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત બાદ એમ પણ કહ્યું કે અમે તેમની સાથે અમારી પ્રતિબદ્ધતા છોડીશું નહીં. પેલોસીએ કહ્યું કે દુનિયામાં લોકતંત્ર અને નિરંકુશતા વચ્ચે સંઘર્ષ છે. જેમ કે ચીન સમર્થન મેળવવા માટે પોતના સોફ્ટ પાવરનો ઉપયોગ કરે છે, આપણે તાઈવાન વિશે તેની ટેક્નિકલ પ્રગતિ વિશે વાત કરવી પડશે અને લોકોને તાઈવાનના વધુ લોકતાંત્રિક બનવાનું સાહસ દેખાડવાનું રહેશે.

આ બધા વચ્ચે ગુસ્સે ભરાયેલા ચીને મોટું પગલું ભર્યું છે. ચીનની મિનિસ્ટ્રી ઓફ કોમર્સના હવાલે ચીનની મીડિયા કંપની સીજીટીએનએ જણાવ્યું કે ચીને તાઈવાનને એક્સપોર્ટ થતા નેચરલ સેન્ડને રોક્યું છે. આ ઉપરાંત ચીને બુધવારે તાઈવાનમાંથી ઈમ્પોર્ટ થતા અને સામાન ઉપર પણ રોક લગાવી છે. એટલું જ નહીં ડ્રેગન તરફથી તાઈવાનને ડરાવવા હેતુથી તાઈવાન દ્વિપ પાસે મોટા પાયે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. ચીનના આ યુદ્ધાભ્યાસમાં લાંબા અંતરની લાઈવ ફાયર ડ્રિલ પણ સામેલ છે.

# દાહોદ ઝાયડસ મેડકીલ કોલેજ અને હોસ્પિટલના MBBSના વિદ્યાર્થીઓ નિયમિત સ્વાસ્થ્ય વિષય પર મુલાકાત કરશે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, તા ૨ ઓગસ્ટ ૨૦૨૨ ના દિવસે કોમ્યુનિટી મેડિસિન વિભાગ ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ અંતર્ગત ફેમિલી એડોપ્શન પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. પ્રોગ્રામ એનએમસીના નિયમ અનુસાર શરૂ કરવામાં આવ્યો હતો. તથા તેની પહેલ સૌપ્રથમવાર ઝાયડસ મેડિકલ કોલેજથી જ કરવામાં આવી હતી. જેમાં પ્રથમ વર્ષ MBBSના ૨૦૦ વિદ્યાર્થીઓને આવ્યા હતા. વિદ્યાર્થી દીઠ બે ઘર આપવામાં આવ્યા હતા.જે ઘરોમાં સ્વાસ્થ્ય વિષયક સર્વે કરવામાં આવ્યો હતો. MBBSના વિદ્યાર્થીઓ દ્વારા આ ઘરોની નિયમિત સ્વાસ્થ્ય વિષય મુલાકાત આગલા ત્રણ વર્ષ માટે કરવામાં આવશે. આ પ્રોગ્રામનું સંચાલન સીઈઓ તથા એચઓડી અને પ્રોફેસર ડોક્ટર સંજય કુમાર તથા ડોક્ટર રાહુલ નેત્રગાવકરના માર્ગદર્શન હેઠળ ડોક્ટર નિયતિ ઝવેરીએ કર્યું હતું. આ પ્રોગ્રામની શરૂઆત પ્રોફેસર ડોક્ટર સંજય કુમાર તથા ડીન સી.બી ત્રિપાઠીના સંબોધન દ્વારા કરવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં કોમ્યુનિટી મેડીસીન વિભાગના ડો.અમૃત સ્વામી ડો.અનિરૂદ્ધ, ડો.શોભના, ડો.વિધિ શાહ, ડો. ગોસાઇ, ડો. દિલીપ પટેલ. ડો. કિશોર એ ભાગ લીધો હતો. તેમજ MSW સંદીપ મેડા, શૈલેષ કિશોરી, બંસી રાઠોડ, સાધના મેડા, SI કેતુલભાઈ તેમજ દીપકભાઈ, સિનિયર મેનેજર હેતલબેન રાવ તથા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# જોખમી પ્રસુતિ સફળતાપૂર્વક કરી બાળકનો જીવ બચાવતી રાબડાલ આરોગ્ય ટીમ



દાહોદ, દાહોદના રાબડાલ ખાતેના હેલ્થ અને વેલનેશ સેંન્ટર દ્વારા માતાની જોખમી પ્રસુતિને સફળતાપૂર્વક કરી બાળકને નવજીવન બક્ષ્યું છે. જેના માટે અહીંના આરોગ્યકર્મીઓએ ખૂબ જહેમત સાથે પ્રસુતિ બાદ બાળક હિલચાલ ના કરતા તેને લાઈફ સેવીગ પ્રોસીઝર અનુસરીને કટોકટીમાંથી બચાવી લીધો હતો.

દાહોદના મુવાલિયા ખાતે સગર્ભા માતા જેઓને બે દિવસ પહેલા એક ખાનગી દવાખાનામાં બતાવવા ગયા હતા. જેમાં તપાસમાં જણાવવામાં આવ્યું કે બાળક ઊંધુ છે. સામાન્ય રીતે બાળક જન્મ સમયે માથું બહાર આવતું હોય છે. પણ આ બાળક થાપાનાં ભાગે હતું. સગર્ભા માતા પ્રથમ વખત માતા બનેલ હોઈ માતા તેમજ બાળક માટે જોખમી હતું. ખાનગી દવાખાનામાં જણાવવામાં આવ્યું કે, જો બાળક ચત્તુ થઇ જાય તો નોર્મલ પ્રસુતિ થશે. બાકી ઓપરેશન થકી બાળકને ઉપર લેવું પડશે.

સગર્ભા મહીલાને તેમના સગા વહાલાઓ તેમને હેલ્થ એન્ડ વેલનેશ સેંન્ટર રાબડાલ ખાતે લાવ્યા હતા. ત્યાં એન.પી.એમ તરીકે ફરજ બજાવતા પ્રદીપ ભાઈ પંચાલ એ સગર્ભા માતાનો સોનોગ્રાફી રીપોર્ટનો અભ્યાસ કર્યો. જેમાં બાળક અને માતાની બર્થ કેનાલનાં ડાયામિટર ક્રોસ ચેક કર્યુ. ત્યારબાદ સગર્ભા માતાના કુટુંબી જનોને માતા અને બાળકની પરિસ્થિતિ વિશે વાકેફ કર્યાં અને માતા તેમજ પરીવારજનોની સંમતિ લઈને માતાને અલ્ટરનેટીવ બર્થિંગ પોઝિશન વિશે સમજાવ્યા ત્યારબાદ માતાનું નજીકનું અવલોકન કરી બપોરે ૩:૩૨ કલાકે પ્રસુતિ કરી.

પ્રસુતિ સમયે પોતાના અનુભવથી સફળતા પૂર્વક પ્રસુતિ કરાવી પણ પ્રસુતિ બાદ બાળકની કોઇ હિલચાલ જણાઇ નહીં. ત્યારે પ્રદીપ પંચાલ અને ખિલન પ્રજાપતિ એ લાઇફ સેવિંગ પ્રોસિજર કર્યું અને બાળકને સ્થિર કરી તેને મોતના મુખમાંથી ઉગારી લીધું હતું અને બાળકને વધુ સારવાર માટે ૧૦૮ દ્વારા ઝાયડસ મેડિકલ કોલેજ ખાતે ખસેડવામાં આવ્યું. હાલ બાળક સ્વસ્થ હોઇ તેને નિયંત્રણ હેઠળ રાખવામાં આવ્યુ છે.

માતા અને તેમનાં સગાઓ જોડે વાત કરતા તેમને હેલ્થ એંન્ડ વેલનેશ સેંન્ટર રાબડાલની ઉત્તમ સેવાઓથી ખુશ થયા હતા. તેમને સમયસર પ્રસુતિની સારવાર મળવા બદલ હેલ્થ અને વેલનેશ સેંન્ટર, રાબડાલ તેમજ રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

# ગરબા રમવાના પાસ ઉપર પણ કેન્દ્ર સરકાર દ્વારા GST લાગુ કરાતા આમ આદમી પાર્ટીએ ગરબા રમી વિરોધ નોંધાવ્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીના સ્લેબમાં મનોરંજન ઉપર ૧૮% જીએસટી લાગુ કરતા ગરબા રસીકોમાં ભારે રોષ પ્રવતી રહ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટીએ મોંઘવારીની મારનો જઝબો સંભાળી લેતા રાજ્યભરમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોના વંટોળ સાથે કેન્દ્રની ભાજપ સરકાર ઉપર ભારે નારા મારી આક્ષેપો મૂકી વિરોધ નોંધાયો.

આમ આદમી પાર્ટી દાહોદ દ્વારા સ્ટેશન રોડ ઉપર આવેલી સ્વામી વિવેકાનંદ સર્કલ ઉપર ગરબા રમી અને ગરબા રમવા ઉપર ૧૮% ટકા જીએસટી લગાવવામાં આવ્યો છે. તેનો ભારે વિરોધ કરાયો હતો અને જણાવાયું હતું કે, ગુજરાત જ એક એવું રાજ્ય છે કે, ત્યાં ગરબા રમવા માટે દુનિયાભરમાં જાણીતું અને સરકાર દ્વારા ગરબા રમવા ઉપર પણ કમાણી ચાલુ કરાતા ગુજરાતીઓ રોષે જોવા મળ્યો.

આમ આદમી પાર્ટી માંગ કરી રહી છે કે, કમાણી માટેનો જે જીએસટી ગરબા રમવા ઉપર લગાવવામાં આવ્યો છે. તેને ખતમ કરવામાં આવે તેવી માંગ સાથે ગરબા રમીને વિરોધ નોંધાવાયો હતો.

# ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે આગામી તહેવારોને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ



ઝાલોદ, આગામી તારીખ ૯ ઑગસ્ટના દિવસે વિશ્વ આદિવાસી દિવસ, મોહરમ બન્ને એક જ દિવસે આવનાર હોઈ તેને લઈ શાંતિ સમિતિની એક બેઠકનું આયોજન ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે પીએસઆઈ માળી દ્વારા કરવામાં આવ્યું હતું. પીએસઆઈ માળી દ્વારા ઝાલોદમાં તહેવારો શાંત રીતે ઉજવાય તે રીતે આયોજન કરવા માટે હાકલ કરી હતી. કાયદાકીય રીતે કોઈ પણ કાર્યમાં અગવડતા પડે તો તુરંત સંપર્ક કરવાં પણ કહ્યું હતું. પોલીસ પ્રજાની મિત્ર છે તે સાથે હતી છે અને રહેશે તેમ પણ પીએસઆઈ માળીએ કહ્યું હતું. દરેક સમાજના લોકો એક બીજાને સહયોગ આપી તહેવારો ઉજવો તેમ પણ કહ્યું હતું. આ માસમાં વિશ્વ આદિવાસી દિવસ, મોહરમ, રક્ષા બંધન, જન્માષ્ટમી જેવા મોટા તહેવારો આવી રહ્યા હોઈ દરેક વર્ગના લોકો એકબીજાને સહયોગ આપી તહેવારો શાંતિ રીતે ઉજવાય તેનું ધ્યાન રાખવા કહ્યું હતું. ઉપસ્થિત લોકોએ પણ પોલીસને સંપૂર્ણ સહકાર આપી ઉત્સવ ઉજવીશું તેવી બાંહેધરી આપી હતી.

# સંજેલીના આપ અને BJPના કાર્યકર્તાઓએ એકબીજાને જાનથી મારી નાંખવાની ધમકી આપતા બન્ને પક્ષે ફરિયાદ

સંજેલી, ભમેલામાં આપના કાર્યકર્તાઓની યોજાયેલી મિટીંગ બાદ બીજેપી કાર્યકર્તાની ફોન પર મારવાની ધમકી બાદ આપ કાર્યકર્તાએ મહુડા પાસે રોડ પર રોકી ભાજપના લુખ્ખા કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ભમેલા ગામે આપની યોજાયેલી ખાટલા બેઠક બાદ ગામના વિપુલના મોબાઈલથી ભાજપના મુકેશભાઈ કાળુભાઈ બારીયાએ કલ્પેશ કુલસીંગ અમલીયારને ફોન કરી કહ્યુ કે, મને પુછ્યા વગર આમ આદમી પાર્ટીની બેઠક કેમ રાખી તેમ કહી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આપના જિલ્લા તેમજ તાલુકાના કાર્યકર્તા કલ્પેશ અમલીયાર સાથે સંજેલી પોલીસ મથકે દોડી આવ્યા હતા. ધાક ધમકી આપનાર મુકેશ કાળુ બારીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ બીજા દિવસે મુકેશ બારીયા અને સુરેશ તાવિયાડ બાઈક લઈ અને સંજેલીથી ભમેલા ઘરે જઈ રહ્યા હતા દરમિયાન મહુડા પાસે ઉભેલા જશવંત તાવિયાડ અને કલ્પેશ અમલીયારે મુકેશને ઉભો રાખી ભાજપના લુખ્ખાઓ તેમ કહી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની આપી હતી. ત્યારે બારીયા સંજેલી પોલીસ મથકે કલ્પેશ કુલસીંગ અમલીયાર, જશવંત મુકેશ તાવિયાડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ફતેપુરાના ગટર લાઈનનું ઢાંકણુ તુટી જતા વાહનચાલકોને પરેશાની : દુર્ઘટનાનો ભય

ફતેપુરા, ફતેપુરા નગરના મુખ્ય રોડ પર ગટરની ચેમ્બરનુ ઢાંકણુ તુટી જતા વાહનચાલકો તેમજ રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નગરમાં ભુગર્ભ ગટર યોજના અંતર્ગત રસ્તાને વચ્ચે ચેમ્બરો બનાવાઈ હતી. આ ચેમ્બરોના ઢાંકણા ગાડીઓની અવર જવરના કારણે તુટી ગયા હતા. જેમાં મેઈન બજાર વિસ્તારમાં અંબાજી મંદિર પાસેના મુખ્ય રોડ ઉપરની ચેમ્બરનુ ઢાંકણુ તુટી જતા ગટરનુ ગંદુ પાણી રસ્તામાં રેલાય છે. ગટરની ચેમ્બરનુ ઢાંકણુ તુટી જવાના કારણે રાત્રિ સમયે રાહદારીઓ તેમજ વાહનચાલકોને તેમાં ખાબકવાનો ડર સતાવી રહ્યો છે. આ અંગે વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી સ્થાનિક રહિશો દ્વારા વહેલી તકે આ ગટરનુ ઢાંકણુ નવુ નાંખવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# સંજેલી સરસ્વતી શિશુ મંદિર આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધા યોજાઈ



સંજેલી, સરસ્વતી શિશુ મંદિર સંજેલીમાં બાળકોને આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાલય માં બાળકોનું વિવધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. ચિત્ર સ્પર્ધા, મહેંદીસ્પર્ધા, કેશ ગુથન, બાળકવિ વગેરે સ્પર્ધા ઓમાં બાળકો ઉત્સાહપૂર્વક લીધો.

શ્રી સરસ્વતી શિશુ મંદિર સંજેલીમાં બાળકોને આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાલય માં બાળકો દ્વારા વિવધ સ્પર્ધાઓનું આયોજન કરેલ હતું. જેમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૩ થી ૮ ના બાળકોએ ભાગ લીધો. જેમાં ૩૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધા મહેંદીસ્પર્ધા, કેશ ગુથન, બાળકવિ વગેરે સ્પર્ધાઓનું આયોજન કરેલ હતું.

# દાહોદના એ-ડિવીઝનના પીઆઈ વસંતકુમાર પટેલને ઈ-કોપ એવોર્ડના સ્મૃતિચિન્હ-પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા



દાહોદ, દાહોદ એ-ડિવીઝન પોલીસ મથકના પીઆઇ વસંતકુમાર પ્રભુદાસ પટેલને ઈગુજકોપ પ્રોજેક્ટ હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ જુન ૨૦૨૨ માસના ઈકોપ એવોર્ડ માટે સન્માનિત કરવાનું કમીટી દ્વારા નક્કી કરવામા આવ્યું હતું.

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગરનાઓની અધ્યક્ષતામાં ૩૦ મી તારીખે યોજાયેલા સ્ટેટ એમ્પાવર્ડ કમિટીની મીટીંગમાં પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીના વરદ્ હસ્તે ઈ-કોપ એવોર્ડના સ્મૃતિ ચિન્હ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે, પીઆઇ વસંતકુમાર પટેલને આ એવોર્ડ અગાઉ પણ મળી ચુક્યો છે.

# સંજેલીમાં પાંચ દિવસથી સફાઈ કર્મચારીઓ હડતાલ પર ઉતરતા ઠેર ઠેર ગંદકીના દ્રશ્યો


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી, સંજેલી તાલુકાની ગ્રામ પંચાયતના સફાઇ કર્મચારીઓ પગાર વધારાની માંગને લઈને પાંચ દિવસ થી હડતાળ પર ઉતરતા ઠેરઠેર ગંદકીના ઢગલાંઓ સહિત ગટરના ગંદા પાણી મુખ્ય પ્રાથમિક શાળાના રસ્તા પર ફરી વળતા વિદ્યાર્થીઓને ભારે હાલાકી.

સંજેલી ગ્રામ પંચાયતનો વહીવટ ખાડે ગયો હોય તેમ નગરમાં પ્રાથમિક સુવિધાઓને લઈને ગ્રામજનો દ્વારા વારંવાર ગ્રામસભામાં લેખીત મૌખીક રજુઆત કરવા છતા પણ સરપંચ તલાટી કે તાલુકાના અધિકારીઓનું પેટનું પાણીએ હલતું નથી. સાત દિવસ અગાઉ સંજેલીની પ્રખ્યાત ડોક્ટર શિલ્પન આર. જોશીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ગંદકી અને ઠેર ઠેર ભંગાર રસ્તાને લઈને મામલતદારને રસ્તારોકો આંદોલન સાથે આવેદનપત્ર આપ્યું હતું. જેનો યોગ્ય નિકાલ આવે તે પહેલાં જ સંજેલી ગ્રામ પંચાયતમાં સફાઈ કર્મચારીઓ પગાર વધારાની માંગને લઈને શુક્રવારનાં રોજ થી સફાઈની કામગીરી બંધ કરતાં સંજેલી નગરના બસ સ્ટેશન સહિત મુખ્ય માર્ગો પર ગંદકીના ઢગલા જોવા મળી રહ્યાં છે. સાથે સાથે ગટર નાળા સફાઈના અભાવે ગ્રામ પંચાયત નજીક આવેલા હાટ બજાર ચોકડી પર ગટરના પાણી રોડ પર વહેવા લાગતાં સંજેલી તાલુકાની પ્રાથમિક શાળા આગળ મુખ્ય રસ્તા પર અને ગેટ આગળ જ ગટરના ગંદા પાણી પસાર થતા શાળામાં અભ્યાસ કરવા જતા બાળકોના આરોગ્ય સાથે ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત ફેલાઈ રહી છે. સાથે સાથે શાળામાં જતા બાળકોને મુખ્ય માર્ગ પર ગંદા ગટરના પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે.

# સંજેલીના બોડાડુંગર ગામે PHC કરંબાના આરોગ્ય સ્ટાફ દ્વારા ઘરે ઘરે જઈને આયુષ્યમાન કાર્ડ કાઢી આપ્યા



સંજેલી, સંજેલી ખાતે આયુષ્માન ભારત અંતર્ગત તાલુકાના બોડાડુંગર ગામ ખાતે PHC કરંબાના આરોગ્ય સ્ટાફ અને મેડિકલ ઓફિસર દ્વારા ઘરે ઘરે જઈને BPL લાભાર્થીઓને કાર્ડ કાઢી આપવામાં આવ્યા તથા બાકી લોકોને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેમજ લાભાર્થીઓને કાર્ડના ફાયદાઓ વિશે અવગત કર્યા હતા.

# દેશમાં ચોખાના ઉત્પાદનમાં ઘટાડો થવાથી વૈશ્વિક ફૂડ સપ્લાય પર જોખમ

નવીદિલ્હી, ભારત વિશ્વનો સૌથી મોટો ચોખાનો સપ્લાયર રહ્યો છે પરંતુ દેશના ઘણા વિસ્તારોમાં વરસાદની ઘટ થી મુશ્કેલી ઊભી થઈ અત્યારે ભારત વિશ્વનો ચોખા નો સૌથી મોટો સપ્લાયર રહ્યો છે અને આ વખતે ચોખાના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાઈ શકે છે ત્યારે ત્રણ વર્ષમાં સૌથી ઓછું ઉત્પાદન થવાની સંભાવના ઉભી થઈ છે અને વૈશ્વિક સ્તરે સપ્લાયમાં મોટા અવરોધો ઊભા થઈ શકે છે તેવી આશંકા નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આ જોખમ એવા સમયે ઊભું થયું છે જ્યારે વિશ્વના અનેક દેશો ભયંકર ભાવવધારાનો સામનો કરી રહ્યા છે તેમજ મોટા ભાગના દેશોમાં ફુગાવાનો દર ચિંતાજનક લેવલ પર પહોંચી ચુક્યો છે. અહેવાલમાં એવી માહિતી આપવામાં આવી છે કે આ વખતે ભારતમાં ચોખાના ઉત્પાદન ના એરિયામાં ૧૩ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.

ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ચોખા નું સૌથી વધુ ઉત્પાદન થાય છે અને આ બંને રાજયોમાં અપૂરતો વરસાદ રહ્યો છે પરિણામે ચોખાના ઉત્પાદનમાં મોટો ઘટાડો થઈ રહ્યો છે અને વેપારીઓ ભારે ચિંતામાં મુકાઈ ગયા છે.

વૈશ્વિક ચોખાના વ્યાપારમાં ભારતની હિસ્સેદારી ૪૦ ટકા જેટલી રહી છે ત્યારે આ વર્ષે ચોખાના ઉત્પાદનમાં ઘટાડો થવાથી વૈશ્વિક ફૂડ સપ્લાય ખોરવાઈ જવાની પૂરેપૂરી સંભાવના ઉભી થઈ છે અને તેનાથી વિશ્વના અનેક દેશો તકલીફમાં મુકાઈ શકે છે તેમ અર્થતંત્રના નિષ્ણાતોએ જણાવ્યું છે.

# ગુજરાતમાં આપ પાર્ટીની રેવડી રૂપી ૩૦૦ યુનિટ ફ્રી વિજળી આપવાની જાહેરાત થી મધ્યમવર્ગ કુટુંબમાં ખુશી

દે.બારીયા, દિલ્હીમાં પછી પંજાબ રાજ્યમાં સત્તામાં આવતાં જ માસ્ટર સ્ટ્રોક લગાવ્યો. તે મુજબ કેજરીવાલ ગુજરાતમાં સત્તા હાંસલ કરવા માટે આજ ફોરમ્યુલાને અપનાવ્યો છે. કેજરીવાલની આમ આદમી પાર્ટીને સત્તા મળશે તો ૩૦૦ યુનિટ ફ્રી વિજળી આપવાની જાહેરાત પછી મધ્યમવર્ગ અને ગરીબ રેખાના તળે આવતા આમ જનતાએ માની લીધું છે કે, અમારે વિજળીની બિલ જો બે થી ત્રણ હજાર આવશે તો પણ વિજળી બીલ ભરવો નહી પડે કેજરીવાળનું ગણિત તમને સમજાયું છે. ખરું જે આ મુજબ છે. કેજરીવાલ દરેક કનેકશનને ૩૦૦ યુનિટ વિજળી ફ્રી આપવાની સુરત ખાતે થી ગેરંટી સાથે જાહેરાત કરી છે. આમાં તમામને આપવાની જાહેરાત છે નહિં કે મધ્યમવર્ગ કે ગરીબી રેખા નીચે આવતા કુટુંબોને કેજરીલાવે બધાને આનો લાભ આપવાનો છે. હાલના ભાજપ સરકારે ગરીબી રેખા નીચે આવતા કુટુંબો ફ્રી રાશન આપવાનું ચાલું રાખ્યું છે. તે તો આવતા મહિના સુધી જ છે. આને કોઈએ રેવડી બાટવાનું કીધું નથી. આને બેધારી નીતિ કહેવાય છે.

૨૦૧૩ની વસ્તી ગણતરી પ્રમાણે ૬ કરોડની ગુજરાત રાજ્યની વસ્તી તેમાં એક કુટુંબમાં ૬ વ્યકિતઓના હિસાબે લગભગ ૧ કરોડ કુટુંબ થાય એટલે ૧ કરોડ વિજ કનેકશનનોમાં એક કનેકશન દીઠ ૩૦૦ યુનિટ ફ્રી મતલબ ૩૦૦ કરોડ યુનિટ વિજળી ફ્રી મુજબ ૩૦૦ કરોડ યુનિટ વિજળી ફ્રી આપવી પડે ગુજરાતમાં એક મહિનામાં એક યુનિટનો ભાવ ૬ રૂપીયા થાય એક વર્ષની વિજળી ફ્રી થાય અને એક વર્ષની વિજળી ફ્રી થાય ૨૧,૬૦૦ કરોડ રૂપીયા થાય કેજરીવાલ ગુજરાતના પ્રવાસે થી પરત દિલ્હી ગયા બાદ કોઈ કે કીધું કે ગુજરાતમાં વિજળી બીલ બે માસમાં આપવામાં આવે છે. તો કેજરીવાલે તરત જ ટવીટ કરીને જણાવ્યું કે, ૬૦૦ યુનિટ ફ્રી આપીશું ભલે વિરોધીઓ રેવડી આપવાનું કહેતા હોય પરંતુ ગુજરાતની ગરીબ આમ જનતાનું ભલું તો થશે. રેવડી બાંટવાનો ફોરમુલા કે રેવડી બાજ પાર્ટી કહેતા હોય પરંતુ આ જાહેરાત થી અન્ય મુખ્યપક્ષોમાં અંદરખાને ખલબલી મચી જવા પામી છે. તેમાં બે મત નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.291

## નારી વંદન ઉત્સવ અંતર્ગત પંચમહાલ જિલ્લાના

# ગોધરા સ્થિત ત્રિમંદીર, ભામૈયા ખાતે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સશકતીકરણ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ જ દિશામાં વધુ એક નક્કર કદમ ભરી નારી સંરક્ષણ અને સન્માન માટે નારી વંદન ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પહેલી થી સાત ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં નારી વંદન ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

નારી વંદન ઉત્સવ અંતર્ગત આજરોજ પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત ત્રિમંદીર, ભામૈયા ખાતે મહિલા સ્વાવલંબન દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆત સ્વાગત, પ્રાર્થનાગીત અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

આજના આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ કુ.કામિનીબેન સોલંકીએ પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, જિલ્લાની આશાવર્કર બહેનોની મહેનત થકી સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિઓ સુધી પહોચ્યો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશની મહિલાઓને વિવિધ ક્ષેત્રે વિશેષ સ્થાન મળ્યું છે.



આજે સરકારની વિવિધ યોજનાઓ પૈકી ૧૭૮ યોજનાઓ ફક્ત મહિલાઓ માટે ચાલે છે. તેમણે દીકરીઓને ભણતરની સાથે ગણતર અને આત્મનિર્ભર બનવા જણાવ્યું હતું.

આ પ્રસંગે વિવિધ મહાનુભાવોના હસ્તે ઉપસ્થિત લાભાર્થી બહેનોને વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત મંજુરી હુકમો એનાયત કરાયા હતા. એમ.એમ.વાય યોજનાના લાભાર્થી બહેનોને અનાજ કીટ તથા ઔદ્યોગીક ક્ષેત્રે અગ્રેસર મહિલાઓનું સ્ટેજ પરથી ટ્રોફી આપીને સન્માનપત્ર એનાયત કરાયા હતા.

આજના આ પ્રસંગે જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા બહેનોના લાભ અર્થે કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં આરોગ્યવિભાગ દ્વારા રસીકરણની સુવિધા,સ્ક્રિનિંગની સુવિધા,રાષ્ટ્રીય મેલેરીયા,રકતપિત્ત અને ક્ષય નિવારણ કેમ્પ પણ ઉભો કરાયો હતો. હેલ્થ એન્ડ વેલનેસ તથા આયુષ્યમાન કાર્ડ કાઢી આપવાની સુવિધા કરાઈ હતી. સખી વન સ્ટોપ સેન્ટર, બહેનોને આપાતકાલીન સેવા, કાયદાકીય સેવા, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજીક સમસ્યામાં પરામર્શ બાબતે માહિતગાર કરાયા હતા.

મહીલાઓ આત્મનિર્ભર બને રોજગારી પ્રાપ્ત કરે તે આશયથી શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને જીલ્લા રોજગાર કચેરી ગોધરા દ્વારા કલસ્ટર મેગા જોબફેરનુ આયોજન કર્યુ હતું જેમાં પંચમહાલ અને આજુબાજુ જીલ્લાના ૧૦ થી વધુ એમ્પલોયર હાજર રહેલ હતા જેઓ દ્વારા ૮૦૦ થી વધુ ખાલી જગ્યા માટે આજે ઈન્ટરવ્યુ કરીને પ્રાથમીક પસંદગી માટેની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

વાત કરીએ પંચમહાલ જિલ્લાની તો આજે આ જિલ્લો પશુપાલન અને સ્વ રોજગારી બાબતે આત્મનિર્ભર બન્યો છે. આજે સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પહોચ્યો છે. આજે વિજળી, આરોગ્ય, ખેતી, પશુપાલન તથા દેશના અગ્રિમ સ્થાનો પર મહિલાઓ બિરાજમાન થઈ છે.

આજના આ પ્રસંગે જિલ્લા કલેકટર સુજલ માયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા ગ્રામ વિકાસ નિયામક એસ. ડી. તબિયાર, જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી રોહન ચૌધરી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ભાભોર, ગોધરા તાલુકા પંચાયતના પ્રમુખ સુનીતાબેન બારિયા, મોરવા હડફ તાલુકા પંચાયતના પ્રમુખ ધર્મિષ્ઠાબેન, જાંબુઘોડા તાલુકા પંચાયતના પ્રમુખ સવિતા બારિયા,જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યઓ, સામાજિક ન્યાય અધિકારીતા ચેરમેન મણિબેન સોલંકી, દહેજ પ્રબંધક અધિકારી કિરણબેન સહિત મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા તાલુકાના તલાટીઓ હડતાળ ઉપર જતાં પંચાયત કચેરીઓને તાળા

શહેરા,

શહેરા તાલુકાના તલાટી કમમંત્રીઓ પોતાની પડતર માંગણીઓને લઈને મંગળવારના રોજ થી અચોક્કસ મુદ્દતની હડતાલ પર હોવાથી ગ્રામ પંચાયત કચેરી ખાતે ખંભાતી તાળા લટકેલ જોવા મળી રહ્યા હતા. મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે તલાટી ક્રમ મંત્રીઓ બધા એકત્રિત થઈને સરકાર તેમની પડતર માંગણી વહેલી તકે સ્વીકારે તે માટે મરડેશ્વર મહાદેવ ને પ્રાર્થના કરી હતી.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકામાં ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ તેમની પડતર પ્રશ્નોને લઈને મંગળ વાર ના રોજથી અચોક્કસ મુદ્દતની હડતાલ પર ઉતર્યા હતા. તલાટી કમ મંત્રીઓ ફરજ પર નહિ જઈને પોતાની કામગીરીથી અળગા રહેતા ગ્રામ પંચાયત કચેરી ખાતે કામ અર્થે આવતા અરજદારો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જ્યારે મરડેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં તલાટીઓ બધા એકત્રિત થઈને મરડેશ્વર મહાદેવને બે હાથ જોડીને સરકાર તેમની પડતર પ્રશ્નોનો વહેલી તમે ઉકેલ લાવીને તેમની માંગણીઓ સ્વીકારે તે માટે પ્રાર્થના કરી હતી. તાલુકાની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીઓ પડતર પ્રશ્નોનો ઉકેલ નહિ આવે ત્યાં સુધી અચોક્કસ મુદ્દતની હડતાલ પર રહેવાના હોય ત્યાં સુધી ગ્રામ પંચાયત કચેરી ખાતે થતા કામો બંધ જવા સાથે અરજદારોને ધક્કા ખાવાની નોબત આવે તો નવાઈ નહી. તલાટીઓ રાષ્ટ્રીય તેમજ ડિઝાસ્ટરના કાર્યક્રમમાં પોતાની ફરજ બજાવશે તે સિવાય મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે બધા તલાટીઓ ભેગા હડતાળ પર રહેનાર છે. ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીઓ પોતાની પડતર માંગણીઓને લઈને હડતાલ પર પાછલા બે દિવસથી હોવાથી ગ્રામ પંચાયતના દરવાજા પર તાળા મારેલ જોવા મળવા સાથે કામગીરી અટકી ગઈ હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા આનો ઉકેલ વહેલી તકે લાવવામાં આવવો જોઈએ.

# સાહસિકતાથી સ્વાલંબન તરફ પ્રયાણ કરી ગોધરા નિવાસી ૨૧ વર્ષીય હિનલ પટેલે નીલકંઠ ગૃહ ઉધોગ થકી અન્ય મહિલાઓ માટે બન્યા પ્રેરણાસ્ત્રોત

ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના ઉત્થાન અને મહિલા સશક્તિકરણ માટે અનેકવિધ અદમ્ય પ્રયાસો થકી મહિલાઓએ આત્મસુઝથી સશક્તિકરણ અને આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. ત્યારે મહિલાઓ સ્વનિર્ભર થઈને પોતાનો ખુદનો વ્યવસાય કરીને સશકત બની આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કર્યો છે. આજ દિશામાં વધુ નકકર કદમ ભરી નારી સંરક્ષણ અને સન્માન માટે નારી વંદન ઉત્સવના ત્રીજા દિવસે મહિલા સ્વાલંબન કાર્યક્રમમાં જિલ્લા ઉધોગ કેન્દ્રની બાજપાઈ બેન્કેબલ યોજનાનો લાભ લઈ નીલકંઠ ગૃહ ઉધોગ સાથે સંકળાયેલ સાહસીકતાથી સ્વાલંબન તરફ પ્રયાણ કરનાર ગોધરાના સિવિલ એન્જીનીયર મહિલા હિનલ પટેલ કે જેમનું આજે સન્માન થયું છે. જેના થકી તેઓ અન્ય મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.



આ અંગે પ્રતિભાવ આપતાં હિનલ પટેલે જણાવ્યું હતુ કે જિલ્લા ઉધોગ કેન્દ્રના સહયોગથી મને બાજપાઈ બેન્કેબલ યોજના અંતર્ગત બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાંથી રૂા.૩.૩૦ લાખની લોન મળી છે.જે ખૂબ ઓછા દરે લોન મળી છે. જેના થકી મે નીલકંઠ ગૃહ ઉધોગની શરૂઆત કરી હતી. આ લોન દ્વારા ઈલેક્ટ્રીક બે ઓટોમેટીક મશીન વસાવ્યા છે. આ ઉપરાંત મને સરકાર દ્વારા રૂા. ૯૨,૨૦૦/- સહાય મળી છે. મારા આ ગૃહ ઉધોગમાં અમે પાપડ, મઠીયા, ચોળાફળી, વડી, સુવાંળી સહિત પાણીપુરીની વસ્તુઓ બનાવીને વેચાણ કરીએ છીએ. આ મશીન થકી તૈયાર થયેલ પાપડના જથ્થાબંધ વેપારીઓ, છુટક દુકાનદારો ઘેર બેઠા લેવા આવતા હોવાથી અમોને ઓર્ડર પણ સરળતાથી મળી રહયાં છે. જેના થકી મારી આવકમાં વધારો થયો છે.આ ઉધોગ દ્વારા હું અને બીજી ત્રણ મહિલાઓને રોજગારી પુરી પાડું છું. આ ગૃહ ઉધોગ થકી ઉત્પાદન કરીને વધારાની આવક મેળવી કુટુંબને આર્થિક રીતે મદદ કરી કુટુંબનું ભરણપોષણ કરી શકું છું. તેઓ વધુમાં જણાવે છે કે, સરકારની બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ મળેલ લાભથી મારા પરિવારનું આર્થિક જીવન ધોરણ ઉંચુ આવ્યું છે.જિલ્લા ઉધોગ કેન્દ્રની બાજપાઈ બેન્કેબલ યોજના અંતર્ગત મળેલ લાભથી હું સરકારનો આભાર વ્યક્ત કરૂ છું.

સરકારની અનેકવિધ મહિલાલક્ષી યોજનાઓ થકી આજે સમાજમાં દરેક મહિલા આ પ્રકારના કાર્યો હાથ ધરી તેઓનું જીવનધોરણ પરિવર્તન કરી શકે છે. સૌ બહેનોએ આવા કાર્યમાં જોડાવા પ્રયત્નશીલ બનવું જોઈએ. જેના થકી આત્મનિર્ભર ગુજરાત આત્મનિર્ભર ભારતની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાને બળવંત બનાવશે.

## ઘોઘંબા સીમલીયાના માહિતી આયોગ દ્વારા અરજદારને માહિત ન પુરી પાડવામાં આવતા ૫ હજારનો દંડ કર્યો

ઘોઘંબા,

ઘોઘંબાના સીમલીયાના અરજદાર નગવરસિંહ ખુમાનસિંહ ચૌહાણે ૨૪ ઓગષ્ટ ૨૦૨૦ના રોજ જાહેર માહિતી કાયદા હેઠળ અરજી કરીને માહિતી ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારી પાસે માંગી હતી. સમય મર્યાદામાં તત્કાલિન ટી.ડી.ઓ. આર.કે.રાઠવા અને હાલ મોરવા(હ)ના ટી.ડી.ઓ.એ આર.ટી.આઈ.ની માહિતી આપવામાં વિલંબ કર્યો હતો. જાહેર માહિતી આયોગ અધિકારી અને તત્કાલિન ટી.ડી.ઓ.એ માહિતી ન આપતા આયોગની કચેરી દ્વારા પત્ર લખીને આયોગમાં હુકમ અનુસાર કાર્યવાહી કરવા જણાવેલ હતુ. તેમ છતાં તેઓએ સમય મર્યાદામાં કોઈ સ્પષ્ટતા રજુ કરવામાં આવી ન હતી. તત્કાલિન ટી.ડી.ઓ.આર.કે.રાઠવા કોઈ રજુઆત કરવા માંગતા નથી તેમ ગણીને આયોગે તત્કાલિન ટી.ટી.ઓ.અને હાલના મોરવા(હ)ના ટી.ડી.ઓ.ને રૂ.૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડની રકમ આર.કે.રાઠવાએ પોતાના ભંડોળમાંથી હુકમ કર્યાના દિન-૧૦માં જમા કરવાના રહેશે.તેવો હુકમ કરતા આર.ટી.આઈ.નો જવાબ ન આપતા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## કાલોલના મોટી પીંગળી ગામે સર્વે નં.૫૮૪ (જુના સર્વે નં.૨૧૧) વાળી વેચાણ દસ્તાવેજ થી આપેલ જમીન ઉપર આરોપીઓને કબ્જે કરી લેતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના મોટી પીંગળી ગામે સર્વે નં.૫૮૪ (જુનો સર્વે નં.૨૧૧) વાળી જમીન આરોપીઓ વડીલો પાર્જીત હોય અને ફરિયાદીના દાદાએ વેચાણ દસ્તાવેજ થી વેચાણ રાખેલ હતી અને ૨૦૨૧ સુધી ખેતી કરતા હોય ત્યારે આરોપીઓ જમીન અમારી છે. તેમ કહીને જમીન ઉપર કબ્જો કરી પડાવી લેતાં કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ કાલોલ તાલુકાના મોટી પીંગળી ગામે આવેલ ખાતા નં.૧૧૭૩ સર્વે નં.૫૮૪ (જુનો સર્વે નં.૨૧૧) વાળી જમીન આરોપીઓ બળવંતસિંહ ગણપતસિંહ સોલંકી, જસવંતસિંહ ગણપતસિંહ સોલંકીના વડીલો પાર્જીત હોય આ જમીન ફરિયાદી તખતસિંહ અંદરસિંહ સોલંકીના દાદા શીવાભાઈ નારાભાઈ સોલંકી એ ૧૦૦ રૂપીયાના નોન જયુડીશીયલ સ્ટેમ્પ ઉપર વેચાણ દસ્તાવેજ કરી રૂા.૧૩૦૦/-માં વેચાણ રાખેલ હતી. જે જમીન ગામ નજીકના ૬ હકક પત્રકમાં નોંધ નં.૪૭૨૫ તા.૧૩/૦૧/૨૦૧૪ના વેચાણ દસ્તાવેજ આધારે નામે કરાવેલ હતી. જે જમીનમાં તખતસિંહ સોલંકી અને તેમના પિતા તા.૨૯/૦૫/૨૦૨૧ સુધી ખેતી કરતા હતા. તે જમીન આરોપીઓ પ્રભાતભાઈ બેચરભાઈ સોલંકીના વારસદાર હોય આ જમીન અમારી છે. તેમ અત્યાર સુધી ખેતી કરી છે. સદર જમીનનો કબ્જો જમાવી પચાવી પાડી ગુન્હો કરતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

**કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ કે.કે.હાઈસ્કુલ પ્રાથમિક વિભાગમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ધોરણ ૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ હર્ષ ઉલ્લાસ સાથે**



તસ્વીર : નુર બાલા, વેજલપુર

**ચિત્રો દોરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. છેલ્લે શાળાના આચાર્ય ડી.એમ.પાટીલ દ્વારા બધા વિદ્યાર્થીઓના ચિત્રો જોઈને પહેલો, બીજો, ત્રીજો નંબર આપવામાં આવ્યો હતો. ચીત્ર સ્પર્ધાનું સફળ સંચાલન શાળાના શિક્ષકો અને આચાર્ય ડી.એમ.પટેલે કર્યું હતું.**

## શહેરા ખટકપુર ગામે કોતરના પાણીમાં ડુબેલ ૫૫ વર્ષીય વ્યકિતનો મૃતદેહ મળ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ખટકપુર ગામે પાનમ નદીના કિનારે આવેલ કોતર માંથી પાણીમાં ગરકાવ થયેલા ૫૫ વર્ષીય પુરૂષનો મૃતદેહ લાંબી શોધખોળ બાદ મળી આવ્યો.

શહેરા તાલુકાના ખટકપુર ગામના ૫૫ વર્ષીય હીરાભાઈ મગનભાઈ નાયક ગામ માંથી પસાર થતી પાનમ નદીના કિનારે આવેલ કોતરમાં માછલી મારવા ગયા હતા. તે સમય દરમિયાન તેઓ અચાનક કોટરના પાણીમાં ગરકાવ થયા હતા. જેની જાણ સ્થાનિકોને થતાં સ્થાનિકોએ ઘટના સ્થળે દોડી આવી પાનમ નદીના કોતરમાં હીરાભાઈની શોધખોળ હાથધરી હતી. ઘટનાની જાણ તાલુકા વિકાસ અધિકારી તેમજ પોલીસ સહિતને કરવામાં આવતા તાલુકા વિકાસ અધિકારી, ડિઝાસ્ટર મામલતદાર, શહેરા પોલીસ તેમજ ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રી સહિતે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સ્થાનિક તરવૈયાની મદદથી પાનમ નદીના કોતરના પાણીમાં ગરકાવ થયેલા હીરાભાઈ નાયકની ફરીથી શોધખોળ હાથધરી હતી. પરંતુ મોડી રાત સુધી પણ તેઓ મળી આવ્યા ન હતા. જેને લઈને બુધવારની વહેલી સવારે ફરીથી હીરાભાઈ નાયકની શોધખોળ હાથ ધરવામાં આવતા ભારે જેહમત બાદ પાનમ નદીના કોતરમાંથી સ્થાનિક તરવૈયાઓને હીરાભાઈનો મૃતદેહ મળી આવતા મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી શહેરા ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી અપાયો હતો. બીજી તરફ હીરાભાઈનો મૃતદેહ મળી આવતા તેઓના પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો હતો.

# ગોધરા શહેર કર્મચારી, અધિકારી દ્વારા જીલ્લા કલેકટર પંચમહાલના પત્રોની અવગણના કરનાર સામે યોગ્ય કાર્યવાહી થાય તેવી રજુઆત

## નોંધ નં.૬૧૨૮૮ માં રીવ્યુ કેસના કાગળો નહી મોકલી આપવામાં કયા અધિકારી, કર્મચારીઓની સંડોવણી

ગોધરા,

ગોધરા ધારાના રે.સ.નં.૩૦૧/૯/૧ પૈકી ૧૭ વાળી જમીનમાં દાખલ થયેલ વારસાઈ નોંધ નં.૬૧૨૮૮ રીવીઝનમાં લઈ રદ કરવા જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા સમક્ષ તા.૮/૩/૨૦૨૨ના રોજ કરેલ તે બદલ જીલ્લા કલેકટર નં. હકપ/વશી/૪૮૦૭/૨૦૨૨ તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફ અરજી બાબતે સરકારશ્રીના આદેશો અનુસાર નોંધ નં.૬૧૨૮૮ના રીવ્યુ કિસના કાગળો નહીં મોક્લી નાયબ કલેકટર પ્રાંત ગોધરા એન.બી.રાજપુત તથા અમો અરજદારને નં.જમન/વશી/૪૦૮૦/૨૦૨૨ તા.૩/૬/૨૦૨૨ના રોજ કોઈપણ રેવન્યુ રેકર્ડ તથા રજુ કરેલ અરજીના પુરાવા દ્યાને નહીં લઈ ખોટા રેકર્ડ ઓફ રાઈટ વિરૂદ્ધ નાયબ મહેસુલ મામલતદાર અરવિંદ રાજપુત દ્વારા તેમ સહી કરનાર અધિકારી એમ.એમ.ભાભોર દ્વારા કોઈપણ રેકર્ડ તથા જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફથી અરજી બિડાણના કાગળો જોયા વગર રેકર્ડ વિરૂદ્ધ જવાબ આપેલ છે. આમ, આ જમીન સીટી સર્વે તબદીલી ૧૯૭૨ના રોજ થઇ ગયેલ છે. ગોધરા મામલતદાર શહેર એમ.એમ.ભાભોરના પત્ર નં.જમન/વશી/૧૧૧૭/૨૦૨૨ તા.૨૨/૦૬/૨૦૨૨ જોતા કરેલ રજુઆતો સીટી સર્વે રેકર્ડને હળી મળીને આવે છે અને આજના ધારણકર્તા ર્ડા. રમેશચંદ્ર નાનાલાલ મહેતા તા.૭/૭/૧૯૭૨ના રોજ પ્રમાણિત વેચાણની નોંધ પડેલ છે. જે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફ થી બિડાણ સહિતના કાગળો મોકલી આપેલ છે. તેમ છતાં ઉડાન મહેસુલી કાયદા રેકર્ડ ઓફ વિરૂદ્ધ જવાબ આપેલ છે. તે જવાબના અનુસંધાને અરજદાર દ્વારા ફરીથી પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરાને તા.૨૯/૦૬/૨૦૨૨ના રોજ ફેરફાર નોંધ નં.૬૧૨૮૮ રીવ્યુ કેસ બાબતે પુનઃ રજુઆતો કરેલ છે અને ચેકલીસ્ટ સાથે રજુ થાય તેવી પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા તરફ જવાબ પત્ર સાથે આપેલ બાબતે નં.હકપ/વશી/૫૭૪૪/૨૦૨૨ તા.૧૨/૦૭/૨૦૨૨ પ્રજાલક્ષી સરકારી જોગવાઈ દ્યાને લઈ ગોધરા ગોધરા શહેર મામલતદાર એમ.એમ.ભાભોર તરફ મોકલી આપેલ પત્ર બાબતે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફ થી સંપૂર્ણ વિગતો સાથે સદર રજુઆતો અરજી સાથે કરેલ વિગતો મહેસુલ નાયબ મામલતદાર શહેર અરવિંદ રાજપુત તથા શહેર મામલતદાર એમ.એમ.ભાભોર દ્વારા રજુ કરેલ નોંધ નં.૬૧૨૮૮ મંજુર કરવાના શેરામાં સર્કલ ઓફિસરની સહી નથી. તે તમામ ગેરરીતિઓ એ.આઈ. મદારી ડીસમીસ નિવૃત અધિકારી એ ગુજરાત સરકારમાં રેવન્યુ વિભાગમાં ફરજ બજાવેલના મેળાપીપણામાં સીટી સર્વે તબદીલ થઈ ગયેલ હોવા છતાં રેવન્યુ રેકર્ડ ઉપર પરેશ પટેલ સર્કલ ઓફિસર નિવૃતના જાણ બહાર એ.આઈ.મદારી દ્વારા રેવન્યુ રેકર્ડ ઓફ રાઈટ સાથે ચેડા કરેલ છે. આમ, મહેસુલ તપાસણી પરિપત્રો ૬૧૨૮૮ નોંધ પાડતાં પહેલા રેકર્ડ ઓફ રાઈટની નોંધ કે સીટી સર્વે રેકર્ડ બાબતે કોઈ અભિપ્રાય માંગેલ નથી. હાલ સ્થળ ઉપર કોઈપણ ચકાસણી કર્યા વગર નોંધ નં.૬૧૨૮૮ મંજુર કરનાર અધિકારીની સહી નહીં હોવા છતાં કાયદાનો તથા રેકર્ડ રૂલ્સ મુજબની ગેરરીતિઓ આચરેલ છે. સદર સર્ટી સર્વેમાં ર્ડા. રમેશચંદ્ર નાનાલાલ મહેતાનું નામ નોંધ નં.૩૫૯ તા.૩૦/૦૫/૧૯૭૨ના આધારે તબદીલ થયેલ જે રેકર્ડ સીટી સર્વે ચાલુ છે. ત્યારબાદ નોંધ નં.૧૯૮૪ તા.૧૦/૦૯/૧૯૭૮ થી સદર જમીન જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના હુકમ નં. સીટીએસ/વશી/૨૭૫૬ તા.૨૬/૦૭/૧૯૭૬ થી ખેતી સિવાયની નોંધ દાખલ થયેલ છે. સંપૂર્ણ વિગતવાર જીલ્લા કલેકટર પંચમહાલ સુચના અનુસાર કોઈપણ વિગતો દ્યાને નહીં લઈ નં.જમન/વશી/૧૪૩૨/૨૦૨૨ તા.૨૫/૦૭/૨૦૨૨ના રોજ પંચમહાલ જીલ્લા કલેકટરનું દ્યાન દોર્યા વગર કોઈ પણ રીવ્યુ કેસ તથા પાણીયું બંધ થવાના પાત્ર હોવા છતાં ઉડાણ પત્ર બાબતે યોગ્ય હુકમનું અનાદાર કરનાર તથા આદેશનું પાલન નહી કરાવનાર કરનાર શહેર ના.મામ.અરવિંદ રાજપુત તથા શહેર મામલતદાર ગોધરા સામે ખાતાકીય તપાસ થાય તેવી રજુઆતો વધુ કરીશું અને આ પ્રકરણ (ગુજરાત સરકાર જનસંપર્ક અધિકારી સ્વાગત કરીશું. આમ, આ પ્રકરણ મુખ્યમંત્રી રેફરન્સ તકેદારી સેલ છે. આમ, આ પ્રકારની નિવાસી અધિક કલેકટર તત્કાલીન પંચમહાલ ગોધરા એલ.બી.બાભણીયા નં. જમન/૨/વશી૧૮૬/૨૦૨૧ તા.૧૫/૦૩/૨૦૨૧ તથા ચી.ટુ.કલેકટર પંચમહાલ ગોધરા રીમાન્ડ નં.જમન/૨/વશી/૬૮૦/૨૦૨૨ તા.૨૫/૦૫/૨૦૨૨ કે.સી.વસાવા તથા અધિક કલેકટર એમ.ડી. ચુડાસમા તકેદારી સેલના પત્રો હોવા છતાં પણ ના જેવા નાયબ મામલતદાર અરવિંદ રાજપુત દ્વારા તથા એમ.એમ. ભાભોર દ્વારા સરકારશ્રી સમય મર્યાદા ઓળંગી ખુબ જ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ કરેલ બાબતે રીવ્યુ કેસોના કાગળો તથા પાણીયું બંધ કરવાના આદેશોનું પાલન શહેર મામલતદાર ગોધરાના કર્મચારીઓએ કરેલ નથી. જો આ બાબતે યોગ્ય જરૂરી કાર્યવાહી કરવા સારૂં મહેસુલ મંત્રી તથા અન્ય મંત્રીઓ સમક્ષ વધુમાં રજુઆતો કરેલ છે. જેથી કોઈપણ જાતનું રેકર્ડ નહીં જોઈ હુકમ કરનાર સામે પંચમહાલ જીલ્લા કલેકટર શહેર મામલતદાર કર્મચારીઓ, અધિકારીઓ ઉપર યોગ્ય કાયદા તથા જરૂરી રાજ્ય સરકાર તરફ દરખાસ્ત થાય તેવી અરજદારની રેકર્ડ રજુઆતો છે. જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરશે કે કરાવશે તે જરૂરી.

## પંચમહાલ જીલ્લામાં ૩ ઓગસ્ટે ૬ કોરોના દર્દીઓ નવા નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૬ કોરોના પોઝીટીવ નવા દર્દીઓ નોંધાવા પામ્યા છે. પંચમહાલ જીલ્લામાં છેલ્લા સપ્તાહ થી કોરોના સંક્રમણના દર્દીઓ વધી રહ્યા છે. જીલ્લામાં કોરોના સંક્રમણના કેસ નોંધાતા જીલ્લા આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે અને કોરોના સંક્રમિત દર્દીઓને કોવિડ હોસ્પિટલ તેમજ હોમ આઈસોલેટ કરવામાં આવી રહ્યા છે. જીલ્લામાં આજરોજ ગોધરા-૦૨, હાલોલ-૦૨, જાંબુઘોડા-૦૧, ગોધરા ગ્રામ્ય-૦૨, શહેરા-૦૧ દર્દીઓ નોંધાવા પામ્યા છે. જીલ્લામાં કોરોના એકટીવ દર્દીઓ ૨૭ જયારે આજરોજ ૧૧ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.